ભજન આરતી ગરબા ધૂન




સ્વસ્તિકધારા




- કવિ -

શ્રી હેમંતકુમાર ગજાનન પાધ્યા

卐 સ્વસ્તિકાનંદ 卐


I
LOVE
THE SYMBOL OF
DIVINITY
PEACE
FORTUNE
PASSION
PIOUSNESS
+POWER
ADORATION
GOOD LUCK







Usha PRAKASHAN

USHA PRAKASHAN

UNITED KINGDOM

sacredswastika@aol.co

સ્વસ્તિકધારા પ્રથમ આવૃત્તિ SWASTIKDHAARAA

FIRST EDITION

Available From : www.pothi.com

EBOOK

स्वस्तिकगंगा

भजन आरती धून

स्वस्तिक

स्वस्तिक

SWASTIKA



हेमंतकुमार गजानन पाध्या

卐 स्वस्तिकानंद 卍

સમર્પણ

અમારાં પૂજનીય સ્વર્ગસ્થ

પિતાશ્રી અને માતુશ્રીને

સ્વ. શ્રી ગજાનન ઈચ્છારામ પાધ્યા

અને

સ્વ. શ્રીમતિ લીલાવતીબેન ગજાનન પાધ્યા



સ્વ. શ્રી ગજાનન ઈચ્છારામ પાધ્યા.

વિક્રમ સંવત ૧૯૭૧ - વિ.સં. ૨૦૪૬



સ્વ. શ્રી લીલાવતી ગજાનન પાધ્યા.

વિક્રમ સંવત ૧૯૭૯ - વિ.સં. ૨૦૬૫


|| ॐ श्री स्वस्तिकाय नमः ||
ॐ
श्रीं
ह्रीं
स्वं
|| ॐ श्री गणेशाय नमः ||

પ્રસ્તાવના

પ્રથમ પૂજીત પરમેશ્વર શ્રી ગણેશનાં સાક્ષાત સ્વરૂપમય પ્રતિક સ્વસ્તિક વિશ્વનું સર્વ પ્રથમ પ્રચલિત માનનિય અને આદરણીય પ્રતિક છે. આર્યધર્મનું આ અનોખું, ચમકારી અને અદભૂત પ્રતિક વિશ્વનાં અન્ય ધાર્મિક પ્રતિકોમાં સર્વોત્તમ, સર્વશ્રેષ્ઠ, સર્વવ્યાપિ અને સર્વમાન્ય પ્રતિક છે કારણકે હજારો વર્ષથી સ્વસ્તિકને એક પવિત્ર પાવન શુભકારી, કલ્યાણકારી, મંગળકારી અને સૌભાગ્યનાં પ્રતિક તરીકે માનવામાં આવ્યું છે. વિશ્વની હર જાતી, ધર્મ, સંસ્કૃતિ અને કળાકારીગીરીમાં સ્વસ્તિક પ્રતિક કે ચિન્હને અનાદી કાળથી મહત્વનું અને આગવું સ્થાન આપવામાં આવ્યું છે. સ્વસ્તિક જ એક એવું પ્રતિક છે જેનો ઉપયોગ વિશ્વનાં દરેક ધર્મોએ પોતાનાં ધર્મ સ્થાનોમાં તેમજ અન્ય કળાકારીગીરી અને શિલ્પકળામાં વિવિધ રીતે એક શુભ પ્રતિક તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. સ્વસ્તિક આકાર સત્ય શીવ અને સુંદરતાનું પસર્વમમાન્ય પ્રતિક છે.

આવાં સર્વમાન્ય, સર્વવ્યાપિ અને સર્વપ્રેમી અને શુભેચ્છક પ્રતિકનું દુર્ભાગ્ય એ બન્યું કે બીજાં વિશ્વયુદ્ધ દરમિયાન જર્મનીનાં એડોલ્ફ હિટલર અને તેનાં રાજકીય પક્ષ 'નાઝી પાર્ટી' એ સ્વસ્તિક પ્રતિકનો દુરોપયોગ કર્યો અને નિર્દોષ લોકો પર આચરેલ અમાનવીય અત્યાચારોને અને નરસંહાર કાંડને લઈને પશ્ચિમનાં દેશોમાં હજારો વર્ષોથી શુભ, લાભ અને સદભાગ્યનાં પ્રતિક તરીકે વિશ્વમાન્યતા પામેલ સ્વસ્તિક પ્રતિક તરફ એક સુયોજીત ધૃણા ફેલાવવાનું રાજનૈતિક શડયંત્ર રચવામાં આવ્યું અને બીજાં વિશ્વયુદ્ધમાં થયેલ ઘોર હત્યાકાંડ માટે નિર્દોષ પ્રતિક સ્વસ્તિકને પણ પશ્ચિમનાં જડ રાજનેતાઓએ દોષિત ઠેરવ્યો અને સ્વતિકનાં પ્રત્યે ધૃણા અને તિરસ્કાર ફેલાવવાનું અભિયાન ચલાવી એ કરોડોનાં માનીતા અને ચાહીતા સ્વસ્તિક પ્રતિકને હત્યા, આતંક અને ઘાતકી, અમાનવીય અને ભયાનક પ્રતિક તરીકે આલેખ્યું. પશ્ચિમનાં દેશોએ તેમની ભાવી પેઢીને સુયોજીત રીતે અભ્યાસક્રમમાં સ્વસ્તિક પ્રતિકનાં પૌરાણિક કાળથી ચાલ્યાં આવતાં આદરણીય, પૂજનીય અને ગૌરવશાળી સ્થાન અને મોભ્ભાનાં ઈતિહાસને છુપાવીને સ્વસ્તિક પ્રતિક પ્રત્યે અનૈતિક અને અયોગ્ય અભ્યાન ચલાવ્યું. આજે પણ એ મૂર્ખતા ભરેલ અભિયાન સક્રીય છે. એડોલ્ફ હિટલર અને તેનાં રાજકીય પક્ષ 'નાઝી પાર્ટી' એ આચરેલ નરસંહાર માટે સ્વસ્તિક પ્રતિકનો શો દોષ ? શું કોઈ મૂર્ખ વ્યક્તિ છરીનો ઉપયોગ કોઈનું ખૂન કરવાં કરે તો તેમાં છરીનો શું દોષ ? સ્વસ્તિક તો એક સત્ય શીવ અને સુંદરતાનું પ્રતિક છે અને તેની પ્રતિભા અને ગુણોમાં કોઈ તફાવત પડતો નથી. આપણાં પૂજનીય સ્વસ્તિક પ્રત્યે પશ્ચિમનાં લોકો દ્વારાં ફેલાવવામાં આવેલ ધૃણા અને ભ્રમને દૂર કરવાનો દરેક આર્યનો ધર્મ બની રહે છે. સ્વસ્તિક પ્રતિકનાં આત્મસન્માનનું રક્ષણ અને જતન તેમજ તેનો સક્ષાત્કાર દરેક આર્ય અથવા હિંદુ વ્યક્તિની ફરજ બને છે.

સ્વસ્તિક પ્રતિકનાં માનવસમાજમાં ગૌરવશાળી અને આધ્યાત્મિક સ્વરૂપનાં ગુણગાનનાં ભજન, આરતી ગરબા

ધૂન ઇત્યાદિનાં શ્રી હેમંતકુમાર ગજાનન પાધ્યા કૃત આ સ્વસ્તિક પ્રતિક પર સર્વપ્રથમ લખાયેલાં ગુજરાતી પદ્યનાં સંગ્રહ 'સ્વસ્તિકધારા' પુસ્તિકાનું પ્રકાશન કરતાં અમે આનંદ અનુભવીયે છીએ. શ્રી હેમંતકુમારનાં અંતઃકરણમાંથી સ્ફુરીત થઈને ઉદભવેલી શ્રી ગણેશ સ્વરૂપ સ્વસ્તિકનાં ભજન, ગીત,અને ધૂનની તેમની રચનાઓનાં સંગ્રહ સ્વરૂપ પુસ્તક્ની આ પ્રથમ ગુજરાતી આવૃત્તિને દેશ પરદેશમાં વસતાં સ્વસ્તિક પૂજક આર્યજનો શ્રદ્ધાપૂર્વક સહર્ષ આવકારશે એવી અભ્યર્થના.

ૐ શ્રી સ્વસ્તિકાય નમઃ

"સ્વસ્તિ ન ઈન્દ્રો વૃદ્ધશ્રવાઃ સ્વસ્તિ નઃ પૂષા વિશ્વવેદાઃ ।

સ્વસ્તિ નસ્તાર્ક્ષ્યો અરિષ્ટનેમિઃ સ્વસ્તિનો બૃહસ્પતિર્દધાતુ ॥

- પ્રકાશક -



લેખક પરિચય




શ્રી હેમંતકુમાર ગજાનન પાધ્યાનો જન્મ પહેલાંનાં મુંબઈરાજ્યનાં થાણા જીલ્લાનાં અને હાલનાં ગુજરાત રાજ્યનાં વલસાડ જીલ્લાનાં પારસીઓનાં ઐતિહાસિક સ્થળ સંજાણ નજીક ખત્તલવાડા ગામે થયો હતો. સુરતની પી.ટી.સાયન્સ કોલેજમાં અભ્યાસ કરી દક્ષિણ ગુજરાતની વિશ્વવિદ્યાલયમાં રસાયંણ શાસ્ત્ર અને ભૌતિક્શાસ્ત્રમાં બી.એસસી.ની સ્નાતક પદવી પ્રથમ વર્ગમાં પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ હાફ્કીન ઈંસ્ટીટ્યુટ ઓફ રીસર્ચ એન્ડ બયોફાર્માસ્યુટીકલ , પરેલ, મુંબઈમાં અભ્યાસ કર્યા બાદ અનુસ્નતક્નાં વધુ અભ્યાસાર્થે ૧૯૭૬માં બર્મિંગહામ, ઈંગ્લંડ, આવ્યાં હતાં. પરદેશમાં આગમન બાદ અભ્યાસની સાથે સાથે તેમણે આર્ય ધર્મ, સંસ્કૃતિ, પરંપરા અને ભાષાને જીવંત અને જ્વલંત બનાવવાં અભિયાનમાં પોતાનો અમુલ્ય ફાળો પ્રદાન કરવાનાં શ્રી ગણેશ કર્યાં હતાં. તેઓ ઈંગ્લંડની કેટલીક સ્થાનિક સંસ્થાનાં સંસ્થાપક પ્રમુખ અને અન્ય રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સંસ્થાઓનાં સદસ્ય પણ છે. હિંદુ સ્વાતંત્ર્યવીર સ્મૃતિ સંસ્થાનમ નામે તેમણે ૧૯૯૫માં સ્થાપેલ સંશોધન સંસ્થાએ ભારતનાં મહાન ક્રાંતિકારી સ્વાતંત્ર્યસેનાપતિ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા અને તેમનાં પત્નીનાં અસ્થિકુંભોને તોંતેર[૭૩] વર્ષ પછી ૨૦૦૩માં ભારત લાવવાનાં ભગીરથ કાર્યમાં મુખ્ય, મહત્વનો અને અગત્યનો ભાગ ભજવ્યો હતો. જીનીવાની સરકાર વીલે ડી જીનીવાનાં હોદ્દેદારો તેમજ શ્યામજીનાં વસિયાતનામાંનાં સંસ્થાપક વકિલ સાથે અનેક પત્રવ્યવહારો અને રૂબરુ મુલાકાતો કરીને તેમની અસ્થિઓને ભારત લાવવામાટેનાં પ્રયત્નને મૂર્ત સ્વરુપ આપ્યું હતું. ઉપરાંત ઈંગ્લંડમાં ક્રાંતિગુરુ રાષ્ટ્રપિતામહ પંડિત શ્યામજી કૃષ્ણવર્માના સંસ્મરણોને સજીવન કરી તેમનાં નામ અને કાર્યને સન્માનીત કરાવવમાં શ્રી હેમંતકુમારનું કાર્યસમર્પણ અને ભક્તિભાવ અપુર્વ અને અણમોલ છે. પંડિત શ્યામજીની સ્મૃતિને ઇંગ્લંડમાં જ્વલંત રાખવાં શ્યામજીનાં હાઈગેટ સ્થિત નિવાસ્થાને સખત પ્રયત્નો બાદ સ્મૃતિ તક્તી લગાવવામાં સફળતા પ્રાપ્ત કરી તેનાં અનવરણ સમારંભમાં એક ચાંદીનો સિક્કો અને સંભારણાં અંક પ્રકાશિત કર્યો હતો. પાંચ વર્ષનાં અથાગ પરિશ્રમ બાદ ઓક્ષફર્ડ યુનિવર્સિટીમાં સંસ્કૃતભાષા, વ્યાકરણ અને સાહિત્ય તેમજ આર્યધર્મ અને ધર્મશાસ્ત્રોનાં અધ્યયન પર અભ્યાસ અને શોધખોળ કરનારાં સુયોગ્ય શંશોધકને દર બે વર્ષે સીલ્વર મેડલનું પારિતોષિક સ્થાપીત કર્યું અને ઈન્ડિયન ઈંસ્ટીટ્યુટની લાયબ્રેરીનાં હોલમાં સર મોનિયર વિલીયમ્સનાં તૈલીચિત્ર સાથે તે હોલમાં પંડિત શ્યામજીનાં ચિત્રને સ્થાન આપવાં સમજાવી ત્યાં પંડિત શ્યામજીનાં ચિત્રનું અનાવરણ પણ કરાવ્યું આ ઉપરાંત પેરીસની સર્બોર્ન યુનિવર્સિટીમાં કોલેજ ડિ ફ્રાન્સમાં પણ પંડિત શ્યામજીની સ્મૃતિમાં રજતચન્દ્ર સ્થાપિત કરાવ્યો છે. પંડિત શ્યામજીની સ્મૃતિને અને કાર્યોનો પ્રચાર પ્રસાર કરવાં માટે તેઓએ ફ્રાન્સ, બ્રિટન અને સ્વિટ્ઝરલેન્ડ્માં વિવિધ જગ્યાએ પ્રદર્શનો યોજ્યાં છે.


વિદ્યાર્થીકાળથી લેખન કાર્ય શ્રી હેમંતકુમારનો શોખ રહ્યો છે. તેઓ કાવ્યો, ભજનો, શૌર્યગીતો નાં કવિ અને ધાર્મિક, રાજકીય અને સામાજીક નિબંધોનાં લેખક પણ છે. આપણાં સ્વસ્તિક પ્રતિક પર પ્રતિબંધ લાદવાનાં

યુરોપની ધરાસભાનાં ધારાનો વિરોધ કરવાં લખેલ લેખ '' હેન્ડઝ ઓફ આવર સેક્રેડ સ્વસ્તિકા' ઘણોજ પ્રખ્યાત છે. સ્વસ્તિક પ્રતિક પ્રત્યે તેમની આસ્થા, આદર અને હાર્દિક માન હોવાથી આર્યધર્મનાં પાવન અને પવિત્ર સ્વસ્તિકનાં સન્માન અને તેની પ્રતિષ્ઠા તેમજ વૈભવને સદાને માટે જળવાય રહે એવું ઈચ્છતી વૈશ્વીક સંસ્થાઓ સાથે કાર્યરત છે. તેઓ સ્વસ્તિક પ્રતિકને પશ્ચિમમાં પુનઃ સન્માન, આદર અને સદભાવના પ્રાપ્ત થાય એ આશયથી લોકોમાં શૈક્ષણીક જાગૃતિ લાવવાનાં પ્રયત્નો પણ કરી રહ્યાં છે. સ્વસ્તિક પ્રતિક પ્રત્યે હેમંતકુમારના ભક્તિભાવ, શ્રદ્ધા અને સમર્પણની ભાવનાંની પુષ્પાંજલી રૂપે તેમણે વિશ્વમાં સર્વપ્રથમ કાવ્યોનું પુસ્તક 'સ્વસ્તિકામૃત' હિન્દી ભાષામાં પ્રકાશીત કર્યું હતું. આ પુસ્તક્નાં પ્રકાશન બાદ બીજું પુસ્તક ' સ્વસ્તિકગંગા' હિન્દીમાં અને ત્રીજું પુસ્તક ' સ્વસ્તિકા પોએમ્સ' ઈંગ્લીશ ભાષામાં પ્રકાશીત કર્યું હતું.

આ ઉપરાંત તેમણે સંસ્થાના સામાયિક પત્રોનું પ્રકાશન, સમાચાર પત્રોમાં લેખો તેમજ પોતાનાં કાવ્યોનું પુસ્તક 'દર્દ' અને પોતાનાં લખેલાં રાષ્ટ્રવાદી ગીતોની ઑડિયો સીડી 'જય હિંદુત્વમ' પ્રકાશીત કર્યાં છે. 'સત્યનારાયણની કથા', 'હિંદુ ધર્મ' અને 'સ્વામિ વિવેકાનંદ'નું સંક્ષિપ્ત જીવન ચરિત્ર વિગેરે પુસ્તકોનું પણ પ્રકાન તેમણે કર્યું હતું. પંડિત શ્યામજી કૃષ્ણવર્માનાં જીવન પર આધારીત સંપૂર્ણ રંગીન, દળદાર અને સર્વપ્રથમ ઐતિહાસિક ચિત્રજીવનીનાં પુસ્તક '' ફોટોગ્રાફિક રેમેનિસન્સ ઓફ પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા' અને ક્રાંતિકારી પંડિત શ્યામજીકી અમર કહાની' ડિવીડી પ્રકાશીત કરવાનો શ્રેય શ્રી હેમંતકુમાર ગજાનન પાધ્યાને જ ફાળે જાય છે. ભારતનાં મહાન ક્રાંતિકારી સ્વતંત્ર્ય સેનાની પંડિત શ્યામજીને પોતાની હાર્દિક શબ્દાંજલિ સ્વરૂપ પ્રથમ પુસ્તક 'કાવ્યાંજલિ'નાં પ્રકાશન બાદ હાલ તેમણે પોતાની કાવ્યકૃતિનું બીજું પુસ્તક 'શ્રદ્ધાંજલિ' પણ પ્રકાશિત કર્યું છે. આ ઉપરાંત શ્યામજીની સ્મૃતિને જ્વલંત રાખવાનાં અભિયાનમાં પોતાનાં સંશોધનો અને પ્રાપ્ય માહિતી પર અવલંબિત શ્યામજીનાં જીવન અને કાર્ય પર એક દળદાર પુસ્તક આવતા પ્રકાશિત કરવાની પણ ભાવી યોજના સ્વરૂપ લઈ રહી છે. આ રીતે પરદેશમાં રહેવાં છતાં પણ શ્રી હેમંતકુમારે આપણાં ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય, રાષ્ટ્રપ્રેમ અને દેશભક્તિ જેવાં વિવિધ ક્ષેત્રોમાં પોતાનો અમુલ્ય ફાળો અર્પણ કર્યો છે.



શ્રી સ્વસ્તિક વંદના



જય જય સ્વસ્તિક જય ગણપતિ.. શુભમ કરો મંગળમ કરો....


જય જય સ્વસ્તિક જય ગણપતિ.. શુભમ કરો મંગળમ કરો....

જય જય સ્વસ્તિક જય ગણપતિ.....

તારો લાલ રંગ તેજસ્વી છે.. તારી ચતુર્ભૂજામાં મહાશક્તિ છે..[૨]

હે કૃપા કરો સ્વસ્તિક દેવતા.. મને વરદાણ દ્યો..વરદાન દ્યો..

જય જય સ્વસ્તિક જય ગણપતિ.. શુભમ કરો મંગળમ કરો....



જય જય સ્વસ્તિક જય ગણપતિ..... [આલાપ.....................]

શ્રીદેવીનું તમે મહાયંત્ર છો..સુદ્ધિનો તમે મહામંત્ર છો...

પૂજે તમને પ્રથમ દેવતા... શુભમ કરો મંગળમ કરો....


જય જય સ્વસ્તિક જય ગણપતિ.....

તમે ભાગ્યનું મહાપ્રતિક છો...સદભાગ્યનાં દાનવીર છો...[૩]

જે ઘરમાં તારો વાસ છે..તેનું સદા કલ્યાણ છે..

જય જય સ્વસ્તિક જય ગતણપિ.. શુભમ કરો મંગળમ કરો....

જય જય સ્વસ્તિક જય ગણપતિ.....



શિવજીનું તમે ત્રિશુળ છો..માં શક્તિનું સુદર્શનચક્ર છો..[૩]

બનીને કવચ રક્ષા કરો...દયા કરો ..અનુકંપા કરો...

જય જય સ્વસ્તિક જય ગતિ.. શુભમ કરો મંગળમ કરો....

જય જય સ્વસ્તિક જય ગણણપપતિ.....

શ્રી ગણેશનું તમે પ્રતિક છો.. શુભલાભનું મહાચિન્હ છો..[૩]

પૂજે જે જન સ્વસ્તિકને..તેનો સદા ઉદ્ધાર છે...

જય જય સ્વસ્તિક જય ગણપતિ.. શુભમ કરો મંગળમ કરો....



જય જય સ્વસ્તિક જય ગણપતિ.....


સ્વસ્તિક પ્રતિકને પ્રણામ છે.. પાવન પવિત્ર તે નામછે..[૩]

તારા પાસે સર્વસુખ બધાં પાંમે છે.. કૃપા કરો.. કરૂણા કરો...

શુભમ કરો મંગળમ કરો...[૨]

જય જય સ્વસ્તિક જય ગણતિ.. શુભમ કરો મંગળમ કરો....

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....



આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની, શુભ મંગળ પાવન એ પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી ગણેશ પ્રતિકની, પ્રથમ પૂજીત પરમેશ્વરનાં પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....

હિંદુ જૈન શીખ બૌધ પ્રતિકની, ‘તાઓ’ પ્રતિક્ની ‘શીંતો’ પ્રતિકની.




આર્ય ધર્મનાં એ મહાન પ્રતિકની, સર્વસંપ્રદાયોંનાં પ્રાણ પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....

ભવ્ય પ્રતિકની દિવ્ય પ્રતિક્ની, ચમત્કારી પ્રતિકની આધ્યાત્મિક પ્રતિકની.

અદભૂત પ્રતિકની અમૂલ્ય પ્રતિકની, અલૌકીક પ્રતિકની અજોડ પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....



અવિચલ પ્રતિકની અનંત પ્રતિક્ની, અમૂલ્ય પ્રતિકની અનાદિ પ્રતિકની.


અપૂર્વ પ્રતિકની અતુલ્ય પ્રતિકની, અમર પ્રતિકની આરાધ્ય પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....

શ્રીશુભ પ્રતિકની શ્રીલાભ પ્રતિક્ની, શ્રીમંગળ પ્રતિકની પવિત્ર પ્રતિકની.

સુંદર પ્રતિકની અમૂલ્ય પ્રતિકની, સુમનોહર પ્રતિકની સૌમ્ય પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....



શ્રેષ્ઠ પ્રતિકની આદર્શ પ્રતિક્ની, શાંતિ પ્રતિકની પરમાનંદ પ્રતિકની.


કલ્યાણ પ્રતિકની ઉદ્ધાર પ્રતિકની, મુક્તિ પ્રતિકની મૌક્ષ પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....

દેવ પ્રતિકની દેવી પ્રતિક્ની, શ્રી ગણેશ પ્રતિકની હરિ ૐ પ્રતિકની.

ભક્તિ પ્રતિકની સાધના પ્રતિકની, પરમેશ્વર પ્રતિકની પરમેશ્વરી પ્રતિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....



વિશ્વ પ્રચલિત મહા વિશ્વેશ્વરની, વિશ્વ પૂજીત મહાપ્રતિક શ્રી સ્વસ્તિકની.

વિશ્વકલ્યાણનાં અરુણોદય પ્રતિકની, વિશ્વશાંતીનાં મહાદૂત સ્વસ્તિકની.

આરતી કરો સૌ શ્રી સ્વસ્તિક પ્રતિકની.....

ૐ જય સ્વસ્તિક હરે.....



ૐ જય સ્વસ્તિક હરે સ્વામિ જય સ્વસ્તિક હરે...

ભક્તજનોનાં સંકટ..[૨] તત ક્ષણ દૂર કરે..

ૐ જય સ્વસ્તિક હરે.....

જે શ્રદ્ધાથી ભજે તને, સર્વ દુખ મટે તેનાં સ્વામિ ..[૨]

રુદ્ધિ સિદ્ધિ ગર આવે..[૨] સર્વ કષ્ટ મટે ભવનાં.

ૐ જય સ્વસ્તિક હરે.....



તમે છો ગણેશ સ્વરૂપ, તમે છો શિવશક્તિ..સ્વામિ..[૨]

તમે છો નરનારેશ્વર..[૨] તમે અંતરયામી.

ૐ જય સ્વસ્તિક હરે.....

તમે છો અષ્ટવિનાયક,તમે શુભ મંગળકારી..સ્વામિ..[૨]

તને છો વિઘ્નવિનાશક..[૨] તમે છો લાભકર્તા..

ૐ જય સ્વસ્તિક હરે.....



તમે છો ભાગ્યવિધાતા, તમે છો શાંતિદાયી..સ્વામિ..[૨]

સંપત્તિ સંતતિનાં દાતા..[૨] તમે છો કલ્યાણિ.

ૐ જય સ્વસ્તિક હરે.....


સુખ કર્તા દુઃખહર્તા, તમે રક્ષક છો સર્વનાં..સ્વામિ..[૨]

સર્વ આનંદ મંગળ કરી ધ્યો, ભક્તિ ભાવથી ભરીદ્યો..

હે સ્વસ્તિક મારાં સ્વામિ...

તમે છો શિવજીનું ત્રિશુળ, તમે છો વિષ્ણુજીનું સુદર્શન..સ્વામિ..[૨]

તમે છો સંરક્ષણ કર્તા..[૨] તમે છો પાલનકર્તા



ૐ જય સ્વસ્તિક હરે.....

ભાવ ભક્તિથી જે કોઈ, સ્વસ્તિકનાં ગુણ ગાએ..સ્વામિ..[૨]


ભૌતિક સુખોને ભોગવી..[૨] મૌક્ષ પરમ પામે..

ૐ જય સ્વસ્તિક હરે.....

સ્વસ્તિકનું નામ બદનામ નહિં કરો.....

સાંભળો એ પશ્ચિમી લોકો, તમે એ મુર્ખ કામ નહિ કરો.
સ્વસ્તિકનું નામ બદનામ નહિં કરો..[૨]
સ્વસ્તિકને સમજો સ્વસ્તિકને જાણો,
અહમથી ઉઠો એ અજ્ઞાનોં,
જોડી દ્યો સ્વસ્તિક્થી ન્યાતો..[૨]
ભ્રમ જો તિટ્યો તો સત્ય જ જીત્યું..[૨]
હરે સ્વસ્તિક હરે ભગવાન, હરે સ્વસ્તિક તું તો છે મહાન....
રાજનીતિનાં નામ પર એ દુષ્કામ ન કરો...[૨]
સ્વસ્તિકનું નામ બદનામ ન કરો...[૨]
સ્વસ્તિકે તો સદા શુભ મંગળ બનાવ્યું ..[૨]
તમે એમનાં પર કલંક લગાવ્યું..[૨]
સ્વસ્તિકે પ્રેમ શાંતિનો માર્ગ દેખાડ્યો..[૨]
તમે એમનાં પર આક્ષેપ લગાવ્યો..[૨]
એ વાત ન સમજાઈ...
હરે સ્વસ્તિક હરે ભગવાન, હરે સ્વસ્તિક તું તો છે મહાન....
સ્વસ્તિક નામતો છે કલ્યાનું તમે તેને તિરસ્કાર ન કરો,
સ્વસ્તિકનું નામ બદનામ ન કરો...[૨]
સાંભળો એ પશ્ચિમી લોકો, તમે ફરી શુભકામ એ કરો
સ્વસ્તિક પ્રતિકનું સન્માન તમે કરો...[૨]
સાંભળો એ પશ્ચિમી લોકો.......













સ્વસ્તિક કરે કલ્યાણ તમારું



સ્વસ્તિક કરે કલ્યાણ તમારું, સ્વસ્તિક કરે સર્વ શુભ તમારું.


સ્વસ્તિક તો છે પરમ કૃપાળુ, સ્વસ્તિક તો છે પરમ દયાળુ.

.સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....

સ્વસ્તિક હરે હર દુઃખ તમારું, સ્વસ્તિક હરે હર કષ્ટ તમારું.

સ્વસ્તિક હરે હર વિઘ્ન તમારું, સ્વસ્તિક હરે હર સંકટ તમારું.

સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....



સ્વસ્તિક હરે હર આપત્તિ તમારી, સ્વસ્તિક હરે હર વિપત્તિ તમારી.


સ્વસ્તિક હરે હર દ્વિધા તમારી, સ્વસ્તિક હરે હર ચિંતા તમારી.

સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....

સ્વસ્તિક હરે હર ઈર્ષા તમારી, સ્વસ્તિક હરે હર ધૃણા તમારી.

સ્વસ્તિક હરે હર ક્રુરતા તમારી, સ્વસ્તિક હરે હર પશુતા તમારી.

સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....



સ્વસ્તિક હરે હર પીડા તમારી, સ્વસ્તિક હરે હર ભુલ તમારી.

સ્વસ્તિક કરે પૂર્ણ ઈચ્છા તમારી, સ્વસ્તિક કરે વંશવૃદ્ધિ તમારી.

સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....

સ્વસ્તિક હરે હર ક્લેશ તમારાં, સ્વસ્તિક હરે હર કલહ તમારાં.

સ્વસ્તિક હરે હર ઉપભોગ તમારાં, સ્વસ્તિક હરે હર રોગ તમારાં.

સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....



સ્વસ્તિક હરે હર પાપ તમારાં, સ્વસ્તિક હરે હર શ્રાપ તમારાં.

સ્વસ્તિક હરે હર શત્રુ તમારાં, સ્વસ્તિક હરે હર ભ્રમ તમારાં.

સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....


સ્વસ્તિક હરે હર દરિદ્ર તમારું, સ્વસ્તિક કરે સિદ્ધ કામ તમારું.

સ્વસ્તિક હરે હર વિઘ્ન તમારું, સ્વસ્તિક કરે જીવન શાંત તમારું.

સ્વસ્તિક કરે કલ્યાણ તમારું.....

સ્વસ્તિક કરે ભાગ્યોદય તમારું, સ્વસ્તિક કરે સૌભાગ્ય તમારું.

.સ્વસ્તિક કરે કલ્યાણ તમારૂં.....




સ્વસ્તિક કરે મન શુદ્ધ તમારું, સ્વસ્તિક કરે પાવન જીવન તમારું.

હરિજન ભજન ભજે છે તમારું, કરજો ભલું હે શ્રી સ્વસ્તિક અમારું.

.સ્વસ્તિક કરે કલ્યાણ તમારૂં.....

જય હો ગજાનન ગણપતિ દેવા...........

જય હો ગજાનન ગણપતિ દેવા, સ્વસ્તિક પ્રતિક છો તમે શ્રી ગણેશા.



ભાવ-ભક્તિથી કરું નિત્ય તુજ સેવા, દર્શન દ્યોને પ્રભુ હે શ્રી ગણેશા.

જય હો ગજાનન ગણપતિ દેવા...........

હે ગૌરી પુત્ર ગણનાથ ગણેશા, શ્રી શંકર સુત તુમ હો મહા દેવા.

હે કાર્તીકિય બંધુ વિનાયક દેવા, રિદ્ધી સિદ્ધી પતિ તુમ હો શ્રી ગણેશા.

જય હો ગજાનન ગણપતિ દેવા...........

હે લંબોધર હે ગજકર્ણક મહા દેવા, વિઘ્નહર્તા કષ્ટહર્તા હે મહા દેવા.

હે દુંદાળાં હે વક્રતુંડવાળાં મહા દેવા, દુખહર્તા સુખ કર્તા હે મહા દેવા.

જય હો ગજાનન ગણપતિ દેવા...........



હે સાક્ષાત સ્વસ્તિક સ્વરુપ તમે દેવા, સર્વ શુભમંગળકર્તા શ્રી ગણેશા.

હે સર્વપ્રથમ પૂજીત ગણનાયક દેવા, વિશ્વકલ્યાણકારી હો શ્રી ગણેશા.

જય હો ગજાનન ગણપતિ દેવા...........

રાગ ધૃણા દ્વેષ મિટાવો મહા દેવા, પરમ સ્નેહ પ્રેમ પ્રગટાવો મહા દેવા.

ઈર્ષા, અહંકાર, મદ મિટાવો મહા દેવા, અમ જીવન ધન્ય બનાવો દેવા.

જય હો ગજાનન ગણપતિ દેવા...........

લોભ, લાલચ લંપટ મિટાવો મહા દેવા, મોહ માયા મમતા મિટાવો શ્રી ગણેશા.



દુર્બુદ્ધિ દુર્વિચાર સદા દૂર કરો શ્રી ગણેશા, સદબુદ્ધિ સદાચાર અર્પો. શ્રી ગણેશા.

જય હો ગજાનન ગણપતિ દેવા ....

દિવ્ય દર્શન હવે આપો હે દેવા, સ્વસ્તિમય જીવન બનાવો શ્રી ગણેશા.

દયા-કૃપા કરો ભક્તો પર હે દેવા, હે ગૌરીનંદન શીવસપુત શ્રી ગણેશા. .

જય હો ગજાનન ગણપતિ દેવા...........

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને, વંદન કરીએ શ્રી ગણપતિ તમને.

વિશ્વવ્યાપી શુભ મંગળ તમને. પ્રથમ પૂજીત શ્રી ગણેશ પ્રતિકને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

સુખકર્તા દુખહર્તા તમને, સુખ શાંતિ અર્પિતા તમેને.

વિઘ્નહર્તા કષ્ટહર્તા તમને, સંકટહર્તા ભયહર્તા તમને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

આધિ વ્યાધિહર્તા તમને, ભીડહર્તા ઉપાધિહર્તા તમને.

દ્વિધાહર્તા ચિંતાહર્તા તમને, કષ્ટહર્તા દરિદ્રહર્તા તમને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

રિદ્ધિકર્તા સિદ્ધિકર્તા તમને, વૃદ્ધિકર્તા બુદ્ધિકર્તા તમને.

યશકર્તા કીર્તિકર્તા તમને, પ્રગતિ ઉન્નતિકર્તા તમને.

તિષ્ટીકર્તા પુષ્ટીકર્તા તમને, ક્ષેમ કુશળકર્તા તમને

આનંદ મંગલકર્તા તમને, પાવન પવિત્રકર્તા તમને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

નિર્મળ નીર્મોહીકર્તા તમને, નીર્વિકારી નીર્દોષિકર્તા તમને


સદાચારી સદભાવીકર્તા તમને, સદગુણી સજ્જનકર્તા તમને.


વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....


શુદ્ધ આધ્યાત્મિકકર્તા તમને, પ્રભુ ભક્તિમયકર્તા તમને

દિવ્ય દર્શન દેનારાં તમને, મુક્તિ મૌક્ષ દેનારાં તમને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....











શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું.....



શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું, શ્રી સ્વસ્તિક કરો સર્વ શુભ અમારું.


શ્રી સ્વસ્તિક કરો સર્વ મંગળ અમારું, શ્રી સ્વસ્તિક કરો સર્વ સ્વસ્તિ અમારું.

શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું...........

તમે છો હે પ્રભુ દીન દયાળુ, તમે છો હે પ્રભુ પરમ કૃપાળુ.

હર પળ જપું હું નામ તમારું, હર ઘડી સ્મરું હું નામ તમારું.

શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું...........



તમે છો હે પ્રભુ મહા માયાળુ, તમે છો હે પ્રભુ મહા પ્રેમાળુ,

હર દિન ગાઉં પ્રભુ ગીત તમારું, હર દિન ભજન ભજું હું તમારું,

શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું...........

તમે છો હે પ્રભુ કરૂણામય, તમે છો હે પ્રભુ પરમ અનુકમ્પામય,.


હર પળ કરું છું હું રટણ તમારું, હર ઘડી ધ્યાન ધરું છું હું તમારું.

શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું...........

સર્વ પ્રથમ કરી સ્થાપન તમારું, ભાવ ભક્તિથી કરું પૂજન તમારું.

આરતી કરીને દીપમાળ સળગાવું, વિવિધ પકવાનનાં ભોગ ધરાવું.

શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું...........



સ્વસ્તિક કરો જીવન ધન્ય અમારું, સ્વસ્તિક કરો જીવન સાર્થક અમારું,

હે ગણપતિ ગણેશ ગજાનન દયાળુ, શ્રી સિદ્ધિ વિનાયક છે સ્વરૂપ તમારું.

શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું...........

બે કર જોડી ધરું હું ધ્યાન તમારું, સ્વિકારો હે પ્રભુ પ્રણામ અમારું.

આશિષ આપો અમને હે કૃપાળુ, કરો કલ્યાણ પ્રભુ તમે અમારું.

શ્રી સ્વસ્તિક કરો સર્વ કલ્યાણ અમારું...........

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ, ભજીલો પ્યારે તમે સ્વસ્તિકનું નામ

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ, ભજીલો પ્યારે તમે શ્રીગણેશનું નામ

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક છે પરમ પરમેશ્વર્નું નામ, ભજીલો પ્યારે તમે સ્વસ્તિકનું નામ.

હોય દિવસ યા હોઈ ભયંકર રાત, ભજીલો પ્યારે તમે સ્વસ્તિકનું નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક છે આર્યધર્મનું સ્વાભિમાન, સ્વસ્તિક છે આર્યધર્મનું મહાસન્માન.

સ્વસ્તિક છે આર્ય સંસ્કૃતિની પહેચાન, આર્યધર્મનું છે એ મહા અભ્યાન.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક છે આર્યજાતિનું ગૌરવગાન, સ્વસ્તિક છે આર્યધર્મનો મહાપ્રાણ

સ્વસ્તિક છે આર્યપરંપરાનું પ્રમાણ, સ્વસ્તિક છે આર્ય ધર્મજાતિનું સ્વમાન.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક છે ચતુર્વેદોનું વરદાન, સ્વસ્તિક છે પરબ્રહ્મ પરમેશ્વર સમાન.

સ્વસ્તિક છે જીવનદોરીનો પ્રાણ, સ્વસ્તિક તો છે સ્વયં સ્વરૂપ ભગવાન,

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક ધ્વની છે સુરીલો નાદ, સ્વસ્તિક મંત્ર છે મુગ્ધ મનનો ભાવ.

સ્વસ્તિક છે યોગાસનનું મૂળ નામ, સ્વસ્તિક યંત્ર ચમત્કારી છે એ જાણ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક પ્રતિક છે શુરવિરતાનું નામ, સ્વસ્તિક છે મહાપરાક્રમનું નામ.


સ્વસ્તિક પ્રતિક છે શ્રેષ્ઠતાનું નામ, સર્વપ્રથમ સૃષ્ઠિનું ચિન્હ છે એ જાણ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...


સ્વસ્તિક કહો કે તમે સ્વસ્તિકા કહો, હરપળ શ્રી સ્વસ્તિકનું નામ જપો.

સ્વસ્તિકની મહિમા છે અપરંપાર, સ્વસ્તિક કરે છે સર્વનું સદા કલ્યાણ.


સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...











જીતશો તમે આજીવનનો સંગ્રામ, ભજીલો પ્યારે તમે સ્વસ્તિકનું નામ.

ભૌતિકજીવનમાં રચ્યાં હે નરનાર, આધ્યાત્મિક જીવનમાં તમે કરો પ્રયાણ..

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

કામ ક્રોધ વિલાશને હવેતો છોડો, સ્વસ્તિક સાથે સંબંધ કાયમનો જોડો.

સુનિશ્ચિત હશે શુભમંગળ પરિણામ, ભજીલો પ્યારે તમે સ્વસ્તિકનું નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક પ્રતિક છે ગંગાજળની સમાન, પાવન પવિત્ર છે એનું કામ.

સ્વસ્તિક નામ છે શ્રી ગણેશજીનું નામ, પરમાનંદનું છે એ પરમધામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

સ્વસ્તિક છે ધર્મ અને કર્મનું નામ, સ્વસ્તિક છે મોક્ષ ને મુક્તિનું ધામ

સ્વસ્તિક છે મહા શક્તિનું નામ, ભજીલો પ્યારે તમે સ્વસ્તિકનું નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ...

ધૂન

જય જય સ્વસ્તિક સ્વસ્તિક હરિ બોલ, જય જય રાધા રમણ હરિ બોલ,

સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ, જય જય સ્તિક સ્વસ્તિક હરિ બોલ

હરિ બોલ હરિ બોલ હરિ બોલ...જય જય રાધા રમણ હરિ બોલ,

જય જય સ્વસ્તિક સ્વસ્તિક હરિ બોલ, જય જય રાધે ક્રિશ્ના હરિ બોલ,

સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ, જય જય સ્તિક સ્વસ્તિક હરિ બોલ

હરિ બોલ હરિ બોલ હરિ બોલ..., જય જય રાધે ક્રિશ્ના હરિ બોલ,

જય જય સ્વસ્તિક સ્વસ્તિક હરિ બોલ, જય જય સીતે રામા હરિ બોલ,

સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ, જય જય સ્તિક સ્વસ્તિક હરિ બોલ

હરિ બોલ હરિ બોલ હરિ બોલ..., જય જય સીતે રામા હરિ બોલ,

જય જય સ્વસ્તિક સ્વસ્તિક હરિ બોલ, જય જય રિદ્ધિ સિદ્ધિ ગણેશા હરિ બોલ,

સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ સ્વસ્તિક બોલ, જય જય સ્તિક સ્વસ્તિક હરિ બોલ

હરિ બોલ હરિ બોલ હરિ બોલ..., જય જય રિદ્ધિ સિદ્ધિ ગણેશા હરિ બોલ,










હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક



હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક, સ્વસ્તિક સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.

શ્રી ૐ સ્વસ્તિક શ્રી ૐ સ્વસ્તિક, સ્વસ્તિક સ્વસ્તિક શ્રી ૐ સ્વસ્તિક.




આર્યજનોનું આરાધ્ય પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું ઐશ્વર્ય પ્રતિક છે સ્વસ્તિક,

આર્યજનોનું પાવન પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું પવિત્ર પ્રતિક છે સ્વસ્તિક,

હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.

આર્યજનોનું મંગળ પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું શુભ પ્રતિક છે સ્વસ્તિક,



આર્યજનોનું શુકન પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું પ્રાણ પ્રતિક છે સ્વસ્તિક,

હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.

આર્યજનોનું મહાધર્મ પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું મહાકર્મ પ્રતિક છે સ્વસ્તિક,

આર્યજનોનું પૂજનિય પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું વંદનિય પ્રતિક છે સ્વસ્તિક,



હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક ....,.

આર્યજનોનું પ્રતિભા પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું ગરિમા પ્રતિક છે સ્વસ્તિક,

આર્યજનોનું સ્વમાન પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું સ્વાભિમાન પ્રતિક છે સ્વસ્તિક

હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.

આર્યજનોનું આસ્થા પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું શ્રાદ્ધા પ્રતિક છે સ્વસ્તિક,



આર્યજનોનું ભક્તિ પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું સદભાવ પ્રતિક છે સ્વસ્તિક

હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.

આર્યજનોનું કરૂણા પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું અનુકમ્પા પ્રતિક છે સ્વસ્તિક,




આર્યજનોનું દયામય પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું સદભાવ પ્રતિક છે સ્વસ્તિક

હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.

આર્યજનોનું મહામૌક્ષ પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું મુક્તિ પ્રતિક છે સ્વસ્તિક,

આર્યજનોનું ભક્તિ પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું ધ્યાન પ્રતિક છે સ્વસ્તિક.

હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.



આર્યજનોનું પ્રેમ પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું વિશ્વશાંતિ પ્રતિક છે સ્વસ્તિક,

આર્યજનોનું સંઘ પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું આદર્શ પ્રતિક છે સ્વસ્તિક

હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.

આર્યજનોનું શૌર્ય પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું બળ-શક્તિ પ્રતિક છે સ્વસ્તિક,
આર્યજનોનું સામર્થ્ય પ્રતિક છે સ્વસ્તિક, આર્યજનોનું સર્વશ્રેષ્ઠ પ્રતિક છે સ્વસ્તિક
હરી ૐ સ્વસ્તિક હરી ૐ સ્વસ્તિક.........,.

****

હે.......... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.

ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે, મને સ્વસ્તિક નામની ધૂન લાગી રે.
ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે, મને સ્વસ્તિક ધ્યાનની ધૂન લાગી રે.
હે.......... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.
સ્વસ્તિક પ્રતિક છે અમને પ્રાણથીએ પ્યારું, વિશ્વજનોનું છે એ લાડલું દુલારું.
સ્વસ્તિક પ્રતિક છે સારાં વિશ્વમાં નિરાળું, ભાવે ભજે છે એને આ વિશ્વ સારું..
હે.......... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.
સ્વસ્તિક પ્રતિક છે અતિ સુંદર રુપાળું , સુશોભિત કળામયને દિશે છે એ ન્યારું.
સ્વસ્તિક પ્રતિક છે અતિ અદભૂત અનેરું, નયનરમ્ય મનમોહક્ને છે એ મધુરું.
હે .... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.
સ્વસ્તિક પ્રતિક છે સ્વયં સ્વરુપ પ્રભુનું, શ્રદ્ધા ભક્તિથી પૂજે વિશ્વ એને સારું.
સ્વસ્તિક પ્રતિક છે શુભ મંગળને શુકનવંતુ, ભાવે ભજે નામ તેથી વિશ્વજન તમારું..
હે .... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.
સ્વસ્તિક પ્રતિક છે પવિત્ર પાવન પર્નોતું, આર્યજનોનું એ પ્રથમ ચિન્હ અતિ ન્યારું.
સ્વસ્તિક પ્રતિક છે માયાળુ ને દયાળુ , ભક્તોજનોપર અપરંપાર એ કૃપા કરનારું.
હે .... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.
સ્વસ્તિક પ્રતિક છે સદા કલ્યાણ કરનારું, સુખ સંપત્તિ ને સંતતિ દેનારું.
સ્વસ્તિક પ્રતિક છે ભાગ્યોદય કરનારું, શાંતિ, સંતોષને પરમાનંદ દેનારું.
હે .... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.
સ્વસ્તિક પ્રતિક છે આત્મશુદ્ધિ કરનારું, રીદ્ધિ સિદ્ધિ ને બુદ્ધિ દેનારું.
સ્વસ્તિક પ્રતિક છે સ્વયં શ્રીગણેશ કૃપાળું, ભક્તિ, મૌક્ષ ને મૂક્તિ દેનારું.
હે .... ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી ધૂન લાગી રે.

સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......




સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો, બધાં પ્રેમથી સ્વસ્તિક ભજો.

સ્વસ્તિક જપો સ્વસ્તિક જપો, બધાં પ્રેમથી સ્વસ્તિક જપો.

સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......

સ્વસ્તિક તો એક શુભ નામ છે, સ્વસ્તિક તો એક શુભ મર્મ છે.

સ્વસ્તિક તો એક શુભ ધર્મ છે, સ્વસ્તિક તો એક શુભ કર્મ છે.



સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......


સ્વસ્તિક તો એક મહા મંત્ર છે, સ્વસ્તિક તો એક મહા તંત્ર છે.

સ્વસ્તિક તો એક મહા યંત્ર છે, સ્વસ્તિક તો એક મહા યોગ છે.

સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......

સ્વસ્તિક તો અલૌકિક આકાર છે, સ્વસ્તિક તો ચમત્કારિક ચિન્હ છે.

સ્વસ્તિક તો એક સુંદર શબ્દ છે, સ્વસ્તિક તો એક પવિત્ર પ્રતિક છે



સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......


સ્વસ્તિક તો મહા પરબ્રહ્મ છે, સ્વસ્તિક તો પ્રભુનું સ્વરૂપ છે

સ્વસ્તિક તો જય શ્રી કૃષ્ણ છે, સ્વસ્તિક તો જય શ્રી રામ છે.

સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......

સ્વસ્તિક તો મહા મંગળ મૂર્તિ છે, સ્વસ્તિક તો મહા મંગળ પ્રતિક છે

સ્વસ્તિક તો જય શ્રી ગણેશ છે, સ્વસ્તિક તો પ્રથમ મહાપૂજ્ય છે.



સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......


સ્વસ્તિક તો મહા સદભાગ્ય છે, સ્વસ્તિક તો મહા સૌભાગ્ય છે.

સ્વસ્તિક તો એક મહા કલ્યાણ છે, સ્વસ્તિક તો સર્વમાં શ્રેષ્ઠ છે.

સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......

સ્વસ્તિક તો પરમ પાવન ધામ છે, સ્વસ્તિક તો પવિત્ર તિર્થસ્થાન છે.

સ્વસ્તિક તો એક પ્રખર પ્રકાશ છે, સ્વસ્તિક તો મહાપ્રચંડ શક્તિ છે



સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......

સ્વસ્તિક તો માનવ સંસાર છે, સ્વસ્તિક આધ્યાત્મિક માર્ગ છે

સ્વસ્તિક તો જગમાં મહાન છે, સ્વસ્તિક તો પરમ સત્યનું નામ છે.

સ્વસ્તિક ભજો સ્વસ્તિક ભજો.......

હે ભાવે ભજું છું હું સ્વસ્તિક શુભનામ રે



હે ભાવે ભજું છું હું સ્વસ્તિક શુભનામ રે, પ્રેમે કરું તેને હું શત શત પ્રણામ રે.

હે સ્વસ્તિક કરોને હવે અમારું કલ્યાણ રે, હે સ્વસ્તિક કરોને અમારું શુભકામ રે,

હે ભાવે ભજું છું હું સ્વસ્તિક શુભનામ રે,

તમે દુખીયાંનાં સઘળાં દુઃખ દૂર કરો છો, તમે બંધીતને બંધનથી મુક્ત કરો છો.

માંગુ ચરણે પડી હવે તો સર્વદુઃખ કાપો, દયા કરી સ્વસ્તિક હવે તો સુખ આપો રે..



હે ભાવે ભજું છું હું સ્વસ્તિક મંગળનામ રે,

તમે પિડીતની હર પિડાઓ હરો છો, તમે સંક્ટગ્રસ્તનાં હર સંકટ હરો છો.

માંગુ નમન કરી હવે તો સંકટ-પિડા કાપો, કૃપા કરી સ્વસ્તિક હવે સુખ આપો રે..



હે ભાવે ભજું છું હું સ્વસ્તિક રે શુભનામ,

તમે રંકને અઢળક ધન આપો છો, તમે ભુખ્યાં ને અપાર ધાન્ય આપો છો

માંગુ પ્રણામ કરી હવે તો ધનધાન્ય આપો, કરુણા કરી સ્વસ્તિક સમૃદ્ધિ આપો.રે..

હે ભાવે ભજું છું હું સ્વસ્તિક મંગળનામ રે,

તમે દરિદ્રોનાં સઘળાં દરિદ્ર દૂર કરો છો, તમે વાંઝીયાને સંતતી અર્પો છો.



માંગુ પ્રાર્થનાં કરી શુભાશિષ આપો, અનુકંપા કરી વંશજ હવે તો આપો.. રે

હે ભાવે ભજું છું હું સ્વસ્તિક રે શુભનામ,

આ રંકની વિનંતિ તો તમે હવે સ્વિકારો, અમારે ઘરે તમે વહેલાં વહેલાં આવો.



શુભલાભનાં શુકનવંતા પગલાં તમે પાડો, આનંદ મંગળનાં સૂર તમે વગાડો રે...

હે ભાવે ભજું છું હું સ્વસ્તિક મંગળનામ રે,







શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............



શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું, શ્રી સ્વસ્તિક પ્રતિક છે પ્યારું પ્યારું,

અમને તો એ છે પ્રાણથી પ્યારું, શ્રેષ્ઠ સર્વોત્તમ માંગલિક ચિન્હ અમારું.

શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............

શુભ લાભ મંગળ કરનારું, સંપત્તિ, સંતતી, સમૃદ્ધિ દેનારું.

ધન, વૈભવ, વૃદ્ધિ કરનારું, સદા સર્વદા શુભમંગળ કરનારું



શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............

સુખ શાંતિ સંતોષ દેનારું, ભાગ્ય સૌભાગ્ય આરોગ્ય દેનારું.

વિદ્યા, જ્ઞાન, ચાતુર્ય દેનારું, સદા સર્વદા પરમાનંદ દેનારું.

શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............

માન સન્માન, કિર્તી દેનારું, પદ, પ્રશંશા, પ્રગતિ દેનારું.

ધૈર્ય, હિમ્મત મહાયશ દેનારું, સદા સર્વદા વિજય દેનારું



શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............

દુઃખ, દરિદ્ર, દ્વિધા હરનારું, ક્લેશ કંકાશ હર કષ્ટ હરનારું.

આધિ વ્યાધિ ઉપાધી હરનારું. સદા સર્વદા રક્ષા કરનારું.

શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............

દંભ, અહંકાર, અભિમાન હણનારું, રાગ દ્વેષ તૃષ્ણા હરનારું.

ભય ચિંતા ડર સર્વ હરનારું, સદા સર્વદા કલ્યાણ કરનારું



શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............

શક્તિ, ભક્તિ, મુક્તિ દેનરું, પ્રભુ માર્ગ તરફ લઈ જનારું.

આધ્યાત્મિક દર્શન દેનારું, સદા સર્વદા પાવન પવિત્ર કરનારુ.

શ્રી સ્વસ્તિક પ્રતિક છે ન્યારું ન્યારું.............





મંગળ મૂર્તિ જય શ્રી ગણેશા.....



મંગળ મૂર્તિ જય શ્રી ગણેશા, મંગળ મૂર્તિ સ્વરૂપ છે શ્રી સ્વસ્તિકા.

જય શ્રી ગણેશા જય શ્રી સ્વસ્તિકા, જય જય જય હો જય સ્વસ્તિકા.


મંગળ મૂર્તિ જય શ્રી ગણેશા.....

વિધ્ન હર્તા હર સંકટને હર્તા, કષ્ટ, પીડા હર વેદના હર્તા.



આપત્તિ હર્તા વિપત્તિ હર્તા, દુઃખ દરિદ્ર હર દ્વિધાનાં હર્તા.

મંગળ મૂર્તિ સ્વરૂપ શ્રી સ્વસ્તિકા.....



ભય હર્તા હર આઘાતને હર્તા, કામ ક્રોધ હર લોભને હર્તા.

ધૃણા હર્તા, હર તૃષ્ણાને હર્તા, ભેદભાવ તિરસ્કારને હર્તા.

મંગળ મૂર્તિ જય શ્રી ગણેશા.....

શાંતિ કર્તા હર સુખ કર્તા, વૃદ્ધિ , વિકાશ, હર વૈભવ કર્તા. .


પ્રગતિ કર્તા હર ઉન્નતિ કર્તા, યશ, કિર્તી હર નામના કર્તા.

મંગળ મૂર્તિ સ્વરૂપ શ્રી સ્વસ્તિકા......



શુભ કર્તા હર મંગળ કર્તા, પ્રેમભાવ પ્રભુતાનાં છે પ્રણેતા .

લાભ કર્તા હર શુકન કર્તા, અભાગીઓનાં ભાગ્ય વિધાતા..



મંગળ મૂર્તિ જય શ્રી ગણેશા.....

આનંદ કર્તા હર ઉપભોગ કર્તા, પરમાનંદની પ્રાપ્તિ કર્તા

ભક્તિ કર્તા હર શક્તિ કર્તા, મહામૌક્ષ ને મુક્તિ દાતા.

મંગળ મૂર્તિ સ્વરૂપ શ્રી સ્વસ્તિકા......

શુદ્ધિ કર્તા અભિવૃદ્ધિ કર્તા, માનવ જીવન્ને ઉજ્વલ કર્તા

દિવ્ય જ્યોતિનાં દર્શન દાતા, આધ્યાઅત્મ ને ઐશ્વર્યનાં દાતા.

મંગળ મૂર્તિ જય શ્રી ગણેશા.....





હે ગાઓ ગાઓને ગરબો

હે ગાઓ ગાઓને ગરબો શ્રી સ્વસ્તિક નામનો રે લોલ.

હે.... પુરાં પાડવાં નિર્વિઘ્ને હર કામને રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રીસ્વસ્તિક માંહી વસ્યાં છે શ્રી ગણેશજી રે લોલ.

હે..એતો.. કરે છે સર્વ ભક્તોનાં કલ્યાણજી રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રી સ્વસ્તિક માંહી વસ્યાં છે શ્રી બ્રહ્માજી રે લોલ.

હે..એતો.. આપે છે નવસર્જનની નવી પ્રેરણા રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રી સ્વસ્તિક માંહી વસ્યાં છે શ્રી વિષ્ણુજી રે લોલ.

હે..એતો.. આપે છે સંચાલનાં બોધપાઠ રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રી સ્વસ્તિક માંહી વસ્યાં છે શ્રી મહેશજી રે લોલ.

હે..એતો.. આપે છે શસ્ત્રો અધર્મીઓને સંહારવાં રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રી સ્વસ્તિક માંહી વસ્યાં છે માં સરસ્વતિજી રે લોલ.

હે..એતો.. આર્પે છે વિદ્યાજ્ઞાન બોધને ડહાપણ રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રી સ્વસ્તિક માંહી વસ્યાં છે માં મહાલક્ષ્મીજી રે લોલ.

એતો આર્પે છે ધનધાન્ય વૈભવ સુખ સંતતી રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રી સ્વસ્તિક માંહી વસ્યાં છે માં પાર્વતીજી રે લોલ.

હે..એતો.. આર્પે છે ઉર્જા, શક્તિ બળ પ્રેમને રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

શ્રી સ્વસ્તિક માંહી વસ્યાં છે સર્વ શ્રી દેવીઓ રે લોલ.

હે..એતો લે છે નીશદિન સર્વભકતોની સંભાળ રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો







શ્રી સ્વસ્તિક પ્રતિકનું નિત્ય પૂજન જે કરે રે લોલ.

હે..એનો.. થાયે છે આ ભવંમાં ઉધ્ધાર રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો

હે જે ગાયે ને સાંભળે શ્રી સ્વસ્તિકનો ગરબો રે લોલ.

હે..એનો હોજો હમેશાં જય જયકાર રે લોલ.

....હે ગાઓ ગાઓને ગરબો



હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે, ભજીલેને શ્રી ગણેશજીનું નામજી.

હે સ્વસ્તિક ભજતાં સર્વે સુખ પામે ને, દુઃખ દરિદ્ર અવશ્ય દૂર થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે સ્વસ્તિક ભજતાં કષ્ટ પિડા ભાગે ને,આધિ વ્યાધિ મટી જાયે રે.

હે સ્વસ્તિક ભજતાં તંદુરસ્તીને પામે ને, શરીર નિરોગી તેનું થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે



હે સ્વસ્તિક રટતાં રિદ્ધિ સિદ્ધિ પામે ને,ધન સમ્પત્તિ ભરપુર કમાયે રે.

હે સ્વસ્તિક રટતાં વૈભવ પામે ને, જીવન આનંદીત તેનું થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે સ્વસ્તિક સ્મરતાં બળ બુદ્ધિ પામે ને,સર્વત્ર વિજય એનો થાયે રે.

હે સ્વસ્તિક સ્મરતાં યશ કિર્તી પામે ને, જગમાં નામ કમાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે સ્વસ્તિક પુજતાં પાવન થાયે ને, ભાગ્યનો ઉદય તેનો થાયે રે.

હે સ્વસ્તિક પુજતાં પરમેશ્વરને પામે ને,ધન્ય જીવન તેનું થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે સ્વસ્તિક જપતાં ભવદુઃખ ભાંગે ને, મોક્ષનો માર્ગ મોકળો થાયે રે.

હે સ્વસ્તિક જપતાં આધ્યાત્મને પામે ને, દેહ અતી શુદ્ધ તેનો થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે



હે સ્વસ્તિક ભજતાં ભગવાન મળે ને, આ ભવસાગરને તરી જવાયે રે.

હે સ્વસ્તિક ભજતાં પરમ પુણ્ય પામે ને, સ્વર્ગમાં વાસ તેનો થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ








જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ, જય ગણેશ ગજરાજ કૃપાળુ.

ભક્તિ ભાવથી કરું પૂજન તમારું, કરો કલ્યાણ પ્રભુ હવે તો અમારું.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

વિશ્વનું પ્રથમ પ્રતિક તમે છો, વિશ્વ વ્યાપિ પ્રતિક પણ તમે છો.

વિશ્વનું ચમત્કારીક ચિન્હ તમે છો, વિશ્વમાં પ્રારબ્ધનું ચિન્હ પણ તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

જગમાં અલૌકિક આકાર તમે છો, જગમાં અદભૂત આકૃતિ પણ તમે છો.

જગમાં અદ્વિતીય અક્ષર તમે છો, સુંદર સુમનોહર પ્રતિક પણ તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

સર્વત્ર સર્વજ્ઞ સર્વવ્યાપી તમે છો, આદી મધ્ય અંત રહીત પણ તમે છો.

ત્રિભુવનનાં સ્વસ્તિકેશ્વર તમે છો, પૃથ્વિનાં મહા પરમેશ્વર પણ તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

રિદ્ધિ સિદ્ધિનાં નાથ તમે છો, વિદ્યા લક્ષ્મીનાં ભંડાર તમે છો.

શીવશક્તિનાં સક્ષાત્કાર તમે છો, સર્વ શક્તિ સંપન્ન તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

મંત્ર તંત્ર અને યંત્ર તમે છો, જ્ઞાન યોગ અને ભોગ તમે છો.

ધર્મ કર્મ અને મર્મ તમે છો,આધ્યાત્મ મુક્તિ ને મૌક્ષ તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

સંકટ બંધન હરતાં તમે છો, કષ્ટ વિઘ્ન હરતાં પણ તમે છો.

દયા અનુકમ્પા કરતાં તમે છો, કરુણા કૃપા કરતાં પણ તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

વૃધ્ધિ શુધ્ધિ સમૃધ્ધિ કરતાં તમે છો, તુષ્ટી પુષ્ઠી કરતાં પણ તમે છો.

આધિ વ્યાધિ ઉપાધિ હરતાં તમે છો, સર્વગુણ સંપન્ન સ્વસ્તિક તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

સત ચિત આનંદ તમે છો, સત્ય શીવ સુંદર પણ તમે છો.

પરમ પિતા પરમેશ્વર તમે છો, માતૃશક્તિનાં શ્રીદેવી તમે છો.

....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ

શુભ લાભ કરતાં તમે છો, આષિશ ફળનાં દાતા પણ તમે છો.
ભાવિ ભાગ્ય વિધાતા તમે છો, મંગળ મુર્તી ગણેશ પણ તમે છો.
....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ
શુભ મંગળ સર્વ કરતાં તમે છો, દુઃખ દરિદ્ર હરતાં પણ તમે છો.
સુખ શાંતિ સર્વ કરતાં તમે છો, સર્વ કલ્યાણ કરતાં પણ તમે છો.
....જય સ્વસ્તિક ગણ નાથ દયાળુ



સ્વસ્તિક જન તો તેને રે કહીયે.....

સ્વસ્તિક જન તો તેને રે કહીયે, જે સર્વને સ્વજન માને રે.
પરોપકારનાં કાર્યો કરે ને, દયા દાન સેવા જે કરે રે.
....સ્વસ્તિક જન તો તેને રે કહીયે
સુખ દુઃખમાં સહભાગી બને ને, સ્નેહીજન સર્વને માને રે.
કલહ ક્લેશ ક્યારે પણ કરે નહીં ને, સહુને પોતાનાં માને રે.
....સ્વસ્તિક જન તો તેને રે કહીયે
ધૃણા ધિક્કાર કદી કરે નહીં ને, સૌને સગા સંબંધી માને રે.
નાનાં મોટાંનો આદર કરે ને, વડિલોને બહુમાન જે આપે રે.
....સ્વસ્તિક જન તો તેને રે કહીયે
જાતિ રંગ ભેદમાં જે માને નહીં ને, હર માનવને સરખાં ગણે રે.
ઉંચ નીચના ભેદને માને નહીં ને, સર્વજનોને સમાન એ માને રે.
....સ્વસ્તિક જન તો તેને રે કહીયે
દેશ પરદેશનાં ભેદો ભુલી ને, પુરાં વિશ્વને એક દેશ માને રે.
ભૂખ દરિદ્રને દુર કરવા ને, નિરંતર પ્રયત્નો જે કરે રે .
....સ્વસ્તિક જન તો તેને રે કહીયે
ધર્મ પરધર્મનાં વિવાદો છોડી ને, પોતાનાં ધર્મને જે પાળે રે.
રાજનિતી ધર્મનાં ઝગડાં છોડી ને, શાંતિમય સહજીવન જે માણે રે.
....સ્વસ્તિક જન તો તેને રે કહીયે
વેર ઝેર ને સદા માટે ભુલી ને, પ્રેમ ક્ષમા સહુને જે આપે રે.
અતીશુભ મંગળ કાર્યો કરીને, વિશ્વને સાચું સ્વર્ગ જે બનાવે રે.
....સ્વસ્તિક જન તો તેને રે કહીયે


DECORATIVE SWASTIKAS FOUND AT ARKAIM

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને....



વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને, ભાવ ભક્તિથી ભજીએ અમે તમને.

કૃપા કરો હવે હે પ્રભુ અમને, એજ અમારી નમ્ર વિનંતી છે તમને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....



સર્જક તમે છો વિસર્જક તમે છો, પાલક તમે છો પોષક પણ તમે છો.

સંસ્થાપક તમે છો સંચાલક તમે છો, રક્ષક તમે છો સંહારક પણ તમે છો.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

જ્ઞાન તમે છો ધ્યાન તમે છો, વિદ્યા તમે છો કળા પણ તમે છો.

લક્ષ્મી તમે છો વૈભવ તમે છો, શક્તિ તમે છો ભક્તિ પણ તમે છો.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....



સૌભાગ્ય તમે છો સુહાગ તમે છો, શુભ તમે છો લાભ પણ તમે છો.

મંગળ તમે છો શુદ્ધ તમે છો, પાવન તમે છો પવિત્ર પણ તમે છો.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

પુજનીય તમે છો વંદનીય તમે છો, માનનીય તમે છો આદરણી તમે છો.

હર પુજામાં પ્રથમ પુજનીય તમે છો, શ્રી ગણેશ સ્વરુપ સક્ષાતકાર તમે છો.



વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

દાતા તમે છો ત્રાતા તમે છો, ભર્તા તમે છો કર્તા પણ તમે છો.

માતા તમે છો પિતા તમે છો, સખા તમે છો ભ્રાતા પણ તમે છો.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....



વિઘ્નહર્તા તમે છો,કષ્ટહર્તા તમે છો, દુઃખહર્તા તમે છો સુખકર્તા તમે છો.

દયામય તમે છો,કરુણામય તમે છો, અનુકંપામય તમે છો માયામય તમે છો.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....





હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે.....



હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે, ભજીલેને શ્રી ગણેશજીનું નામજી.

હે સ્વસ્તિક ભજતાં ભવ સાગર તરીજાયે ને, ધન્ય ધન્ય જીવન તેનું થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે



હે સુખ દુઃખનાં દરિયામાં તરતાં, વિઘ્ન વિકટનાં વનમાં વિહરતાં,

હે સંસારી જીવનમાં રહેતાં, રટીલેને શ્રી ગણપતિજીનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે



હે કામ ક્રોધને વશમાં લેતાં,મોહ માયાને ત્યાગી દેતાં,


હે લોભ લંપટથી અળગાં રહેતાં, જપીલેને શ્રી ગજાનનનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે હિંસા ત્રાસથી દૂર જ રહેતાં, દમન આતંકથી અળગાં રહેતાં.

હે ગર્વ અભિમાનથી અલીપ્ત રહેતાં, સ્મરીલેને શ્રી વિનાયકનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે



હે ધર્મ સુકર્મમાં હરપળ રાચતાં, દાન દક્ષિણા નીશદિન કરતાં.

હે સેવા સુશ્રુતા સર્વની નીત્ય કરતાં, ભજીલેને શ્રી ચતુર્ભુજનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે પુણ્ય પરોપકારી કામોં કરતાં, દયા કરુણાનાં કર્મોને અનુસરતાં.

હે પ્રભુ ભક્તિમાં સદા તલ્લીન થાતાં, ભજીલેને શ્રી સ્વસ્તિકનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે







કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો........

કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો, હે સ્વસ્તિક શ્રી પ્રતિક રે.

દર્શન આપો દુખડાં કાપો, હે સ્વસ્તિક શ્રી પ્રતિક રે.

કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો.....

પદપંકજમાં શીશ નમાવું, વંદન સ્વિકારો શ્રી ગણેશ રે.

કૃપા કરીને મને ભક્તિ દેજો, હે સ્વસ્તિક શ્રી પ્રતિક રે.

કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો.....

દીનદુખીયારો ઉભો તુજ દ્વારે, નથી કોઈ મારો સહારો રે.

આશિષ દેજો ઉર્જા દેજો, હે સ્વસ્તિક શ્રી પ્રતિક રે.

કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો.....

તારે ભરોસે જીવન ભવસાગર, પાર કરું છું સ્વસ્તિક રે.

બની શુકાની હવે પાર ઉતારો, હે સ્વસ્તિક શ્રી ગણેશ રે.

કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો.....

કષ્ટ હરો વિઘ્ન હરો તમે, અષ્ટવિનાયક સ્વરુપ રે.

રિદ્ધિ આપો સિદ્ધિ આપો, હે સિદ્ધિવિનાયક શ્રી ગણેશ રે.

કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો.....

ભકતજનોની વિનંતિ સ્વિકારો, હવે ભલેપધારો અમ દ્વાર રે.

મારાં આંગણમાં સદા વાસ કરોને, હે શુભ સ્વસ્તિક પ્રતિક રે.


કૃપા ભરેલી દ્રષ્ટિ રાખો.....











ભજો રે ભજો રે ભજો શ્રી સ્વસ્તિક નરનારી.....

ભજો રે ભજો રે ભજો શ્રી સ્વસ્તિક નરનારી, દુઃખ દરિદ્ર સંકટ વિઘ્ન કષ્ટહારી

સ્વસ્તિકની ભક્તિ છે દશ ભવ તારી,.પાવન પુણ્ય પવિત્રને મહાકલ્યાણકારી.

ભજો રે ભજો રે ભજો..........

સ્વસ્તિક પ્રતિક છે મહા ચમત્કારી, સ્વસ્તિક પ્રતિક છે મહા પ્રતિભાશાળી

શુભકારી એતો મહા મંગળકારી, લાભકારીને એતો મહા સૌભાગ્યશાળી.

ભજો રે ભજો રે ભજો.........

સ્વસ્તિક પ્રતિક છે મહા સદભાગ્યકારી, સ્વસ્તિક પ્રતિક છે મહાગુણકારી.

સુખ સમૃદ્ધિને મહા વૈભવશાળી, પરમ શાંતિ, તૃપ્તિને આત્મસંતોષકારી

ભજો રે ભજો રે ભજો..........

સ્વસ્તિક પ્રતિક છે મહા શક્તિશાળી, સ્વસ્તિક પ્રતિક છે મહા બળધારી,

ભય ડર ભેદ ભીડ અને ભ્રમણાહારી, ધીરજ ધૈર્ય ઐશ્વર્ય આરોગ્યદાયી.

ભજો રે ભજો રે ભજો..........

સ્વસ્તિક પ્રતિક છે પરમાનંદકારી, સ્વસ્તિક પ્રતિક છે મહા ફળદાયી,

ભક્તિ મુક્તિને મહામોક્ષદાયી, પરમાત્મકૃપાની છે એ મહા બલીહારી

ભજો રે ભજો રે ભજો..........






હરો સ્વસ્તિક હરો સ્વસ્તિક .....

હરો સ્વસ્તિ હરો સ્વસ્તિ, સ્વસ્તિક સ્વસ્તિક હરે હરે.
હરે સ્વસ્તિક હરે સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક હરે હરે
હરો સ્વસ્તિક હરો સ્વસ્તિક .....
દુઃખ હરો કષ્ટ હરો, પિડા હરો ક્ષુધા રે.
આધિ હરો વ્યાધિ હરો, આપત્તિ હરો સંકટ રે.
હરો સ્વસ્તિક હરો સ્વસ્તિક .....
મોહ હરો માયા હરો, મમતા હરો ધૃણા રે.
કામ હરો ક્રોધ હરો, દંભ હરો મદમસ્તિ રે.
હરો સ્વસ્તિક હરો સ્વસ્તિક .....
લોભ હરો લાલચ હરો, સ્વાર્થ હરો લંપટ રે.
ચિંતા હરો દ્વિધા હરો, ભય હરો દુરાગ્રહ રે.
હરો સ્વસ્તિક હરો સ્વસ્તિક .....
રાગ હરો દ્વેષ હરો, તૃષ્ણા હરો દુર્ભાવ રે.
ઈર્ષા હરો નિંદા હરો ડર હરો દુર્ગુણ રે.
હરો સ્વસ્તિક હરો સ્વસ્તિક .....
વેર હરો ક્લેશ હરો કંકાશ હરો ધિક્કાર રે.
વિધ્ન હરો ભિડ હરો ઉપાધિ હરો સંકોચ રે.
હરો સ્વસ્તિક હરો સ્વસ્તિક .....
શુભ કરો લાભ કરો, મંગળ કરો કલ્યાણ રે.
સુખી કરો સમૃદ્ધિ કરો વૈભવી કરો આધ્યાત્મિક રે.
હરે સ્વસ્તિક હરે સ્વસ્તિક .....







હે સ્વસ્તિક ભજનમાં તું .....



હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે, ભજીલેને શ્રી ગણેશજીનું નામજી.

હે સ્વસ્તિક ભજતાં ભવ સાગર તરીજાયે ને, ધન્ય ધન્ય જીવન તેનું થાયે રે.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે સુખ દુઃખનાં દરિયામાં તરતાં, વિઘ્ન વિકટનાં વનમાં વિહરતાં,

હે સંસારી જીવનમાં રહેતાં, રટીલેને શ્રી ગણપતિજીનું નામજી.



....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે કામ ક્રોધને વશમાં લેતાં,મોહ માયાને ત્યાગી દેતાં,

હે લોભ લંપટથી અળગાં રહેતાં, જપીલેને શ્રી ગજાનનનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે હિંસા ત્રાસથી દૂર જ રહેતાં, દમન આતંકથી અળગાં રહેતાં.



હે ગર્વ અભિમાનથી અલીપ્ત રહેતાં, સ્મરીલેને શ્રી વિનાયકનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે

હે ધર્મ સુકર્મમાં હરપળ રાચતાં, દાન દક્ષિણા નીશદિન કરતાં.

હે સેવા સુશ્રુતા સર્વની નીત્ય કરતાં, ભજીલેને શ્રી ચતુર્ભુજનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે



હે પુણ્ય પરોપકારી કામોં કરતાં, દયા કરુણાનાં કર્મોને અનુસરતાં.

હે પ્રભુ ભક્તિમાં સદા તલ્લીન થાતાં, ભજીલેને શ્રી સ્વસ્તિકનું નામજી.

....હે સ્વસ્તિક ભજનમાં તું સ્વસ્તિક ભજીલે







આપો આપો આપો અમને .....



હે આપો આપો આપો અમને, શ્રી સ્વસ્તિક તમે શુભ આશિષ રે,

હે આપો આપો આપો અમને, શ્રી ગણેશ તમે શુભ આશિષ રે.

હે આપો આપો આપો અમને .....

ધન આપો ધાન્ય આપો, આપો અમને શુભ લાભ રે.

વૃદ્ધિ આપો સમૃદ્ધિ આપો, આપો અમને રિદ્ધિ સિદ્ધિ રે.

હે આપો આપો આપો અમને .....



જ્ઞાન આપો બુદ્ધિ આપો , આપો અમને ચાતુર્ય ડહાપણ રે.

હિમ્મત આપો ધૈર્ય આપો, આપો અમને બળ શક્તિ રે.

હે આપો આપો આપો અમને .....

સુખ આપો શાંતિ આપો, આપો અમને મોક્ષ મુક્તિ રે.

આનંદ આપો વૈભવ આપો, આપો અમને સુસ્વાસ્થ્ય રે.

હે આપો આપો આપો અમને .....



સેવા આપો દયા આપો, આપો અમને અનુકંપા રે.

યશ આપો કિર્તી આપો, આપો અમને સામર્થ્ય રે.

હે આપો આપો આપો અમને .....

પ્રેમ આપો કરુણા આપો, આપો અમને દિવ્ય દ્રષ્ટિ રે.

ભાવ આપો ભક્તિ આપો, આપો અમને ઐશ્વર્ય રે.

હે આપો આપો આપો અમને .....







હે પ્રથમ ગાઓને ગરબો શ્રી સ્વસ્તિકનો રે લોલ....

હે પ્રથમ ગાઓને ગરબો શ્રી સ્વસ્તિકનો રે લોલ....

હે શુકનવંતા એ લાલૂં રંગીન પ્રતિકનો રે લોલ...

હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે શુભ ને લાભનું રે લોલ...

એ તો મંગળ મધુરું ને મહ્ત્વનું રે લોલ....

હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે પંચ પરમેશ્વરનું રે લોલ...

એ તો શ્રી બ્રહ્મા વિષ્ણુ ને મહેશ્વરનું રે લોલ....

હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે મહાશક્તિ નવદુર્ગાનું રે લોલ...

એ તો લક્ષ્મી પાર્વતી ને સરસ્વતીનું રે લોલ....

હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે શ્રી ગણેશનું રે લોલ...

એ તો રિદ્ધિ સિદ્ધિ ને સદભાગ્યનું રે લોલ....

હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે સર્વ સિદ્ધિનું રે લોલ...

એ તો સુખ સમૃદ્ધિ ને સુસ્વાસ્થ્યનું રે લોલ....



હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે સુસ્વાગતમનું રે લોલ...

એ તો વૈભવ શાંતિ ને સંતોષનું રે લોલ....

હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે માતા આદ્યશક્તિનું રે લોલ...

એ તો અદભૂત અલૌકિક ચમત્કારી રે લોલ....

હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક પ્રતિક છે મહા કલ્યાણકારી રે લોલ...

એ તો ભક્તોને આ ભવ તારનાર રે લોલ.... હે પ્રથમ ગાઓને ગરબો.....

હે જે ગાએ ને સાંભળે આ સ્વસ્તિક ગરબો રે લોલ

તેનો થાયે આ જીવનમાં ઉદ્ધાર રે લોલ... હે પ્રથમ ગાઓને ગરબો.....

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ.....



સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ, ભજો ભાઈ તમે શ્રી સ્વસ્તિક નામ.

સ્વસ્તિક નામ શ્રી ગણેશનું નામ, સ્વસ્તિક નામ જય ગજાનન નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ.....

સ્વસ્તિક નામ છે અદભૂત નામ, સ્વસ્તિક નામ છે અલૌકિક નામ.

સ્વસ્તિક નામ છે દિવ્યતાનું નામ, સ્વસ્તિક નામ જય વિનાયક નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ.....

સ્વસ્તિક નામ છે અતિ પાવન નામ, સ્વસ્તિક નામ છે અતિ પવિત્ર નામ.

સ્વસ્તિક નામ છે ઐશ્વર્યતાનું નામ, સ્વસ્તિક નામ જય ગણપતિ નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ.....



સ્વસ્તિક નામ છે અતિ શુભ નામ, સ્વસ્તિક નામ છે અતિ મંગળ નામ.

સ્વસ્તિક નામ છે લાભનું નામ, સ્વસ્તિક નામ જય અષ્ટવિનાયક નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ.....

સ્વસ્તિક નામ છે નવચેતનનું નામ, સ્વસ્તિક નામ છે નવસર્જનનું નામ.

સ્વસ્તિક નામ છે નવભક્તિનું નામ, સ્વસ્તિક નામ જય વિઘ્નેશ્વર નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ.....

સ્વસ્તિક નામ છે નવયુગનું નામ, સ્વસ્તિક નામ છે નવધર્મનું નામ.

સ્વસ્તિક નામ છે સાધનાનું નામ, સ્વસ્તિક નામ જય ગજાનન નામ.

સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ.....





વંદન કરીએ .....

વંદન કરીએ સ્વસ્તિક તમને, પ્રથમ પૂજીત હે પ્રતિક તમને.

<u>વંદન કરીએ શ્રીગણેશ તમને, રિદ્ધિ સિદ્ધિનાં વિધાતા તમને..</u>

દુઃખહારી તમને, હર કષ્ટહારી તમને

વિઘ્નહારી તમને. હર સંકટહારી તમને

વંદન કરીએ સ્વસ્તિક.......

શુભકારી, તમને, સદા મંગળકારી તમને.

લાભકારી તમને, સદા કલ્યાણકારી તમને.

વંદન કરીએ સ્વસ્તિક.......

કૃપાકારી તમને, સદા કરુણાકારી તમને.

દયાકારી તમને, અનુકંપાકારી તમને.

વંદન કરીએ સ્વસ્તિક.......

વૈભવકારી તમને, સમૃદ્ધિકારી તમને.

સુખકારી તમને, સદા શાંતિકારી.

વંદન કરીએ સ્વસ્તિક.......



આવજો આવજો આવજો રે.....



આવજો આવજો આવજો રે સ્વસ્તિક, અમારે આંગણીયે ભલે પધારજો.
આવજો આવજો આવજો રે સ્વસ્તિક, અમારાં મંદીરમાં તમે પધારજો.
આવજો આવજો આવજો રે સ્વસ્તિક, સર્વ શુભ મંગલ કરવાને આવજો.
આવજો આવજો આવજો રે સ્વસ્તિક, સર્વ પાવન પવિત્ર કરવાને આવજો.
હે.. સાથે લક્ષ્મીજીને તેડી તમે લાવજો રે, હે કરવાં સર્વ શુભલાભ તમે આવજો રે
હે સ્વસ્તિક અમારાં આંગણીયે ભલે પધારજો રે...
આવજો આવજો આવજો રે સ્વસ્તિક.....
હે.. સાથે સરસ્વતીજીને તેડી લાવજો રે.., હે જ્ઞાન બુદ્ધિ કળા આપવાને આવજો રે.
હે સ્વસ્તિક અમારાં આંગણીયે ભલે પધારજો રે...
આવજો આવજો આવજો રે સ્વસ્તિક.....



હે.. સાથે પર્વતીજીને તેડી લાવજો રે.., હે સ્નેહ માયા મમતા આપવાને આવજો રે.
હે સ્વસ્તિક અમારાં આંગણીયે ભલે પધારજો રે...
આવજો આવજો આવજો રે સ્વસ્તિક.....
હે.. સાથે ધનવંતરીજીને તેડી લાવજો રે..,હે.. આરોગ્ય શતિ અર્પવાંને આવજો રે.



હે સ્વસ્તિક અમારાં આંગણીયે ભલે પધારજો રે...
આવજો આવજો આવજો રે સ્વસ્તિક.....
હે.. સાથે રિદ્ધિ સિદ્ધિને તમે તેડી લાવજો રે.., હે ઉદ્ધાર કલ્યાણ કરવાંને આવજો રે.
હે સ્વસ્તિક અમારાં આંગણીયે ભલે પધારજો રે...
આવજો આવજો આવજો રે સ્વસ્તિક.....
હે.. સાથે ગાયત્રીજીને તેડી લાવજો રે.. હે શાંતિ શચ્ચિદાનંદને આપવાને આવજો રે..



હે સ્વસ્તિક અમારાં આંગણીયે ભલે પધારજો રે...
આવજો આવજો આવજો રે સ્વસ્તિક.....
હે.. સાથે નવદુર્ગાજીને તેડી લાવજો રે.., હે અમારી સુરક્ષા કરવાને આવજો રે..
હે સ્વસ્તિક અમારાં આંગણીયે ભલે પધારજો રે...
આવજો આવજો આવજો રે સ્વસ્તિક.....







વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...

વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...[૨], મારે મંદિરીયે તમે પધારો રે...
રિદ્ધિ સિદ્દિને સાથે તેડી લાવીને, જીવન આંગણને તમે ઉજાળો રે....
વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...
પ્રથમ સ્થાપન કરીએ શ્રી સ્વસ્તિકને..[૨], પામવાં આશિષ એનાં રે...
નત મસ્તક સદા નમન કરીને.., પાયે લાગું તમને શ્રી ગણેશા રે...
વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...
પ્રથમ પૂજન કરીએ શ્રી સ્વસ્તિકને..[૨] પામવાં સુખને સમૃદ્ધિ રે..
દુખ દરિદ્રને હંમેશાં દૂર કરીને..,શુભ વર દો દીનદયાળુ દેવા રે..
વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...
પ્રથમ આરાધન કરીએ શ્રી સ્વસ્તિકને..[૨] પામવાં સચ્ચિદાનંદ રે..
કલહ ક્લેશ દ્વેષ દૂર કરીને ... કલ્યાણ કરો હે શ્રી સિદ્ધિવિનાયક રે..
વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...
પ્રથમ સ્તવન કરીએ શ્રી સ્વસ્તિકનું..[૨] પામવાં હર કાર્યની સિદ્ધિ રે..
સફળ કરો પ્રભુ અમ જીવને.., ભક્તિ સેવા આપો શ્રી ગજાનન રે..
વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...
પ્રથમ પ્રણામ કરીએ શ્રી સ્વસ્તિકને..[૨] કરજો સદા સર્વ શુભ મંગળ રે..
આપો શુભ આશિર્વાદ ગણનાયક અમને... જીવન અમ ધન્ય બનાવો રે..
વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને...
નમ્ર વિનંતિ કરીએ શ્રી સ્વસ્તિકને..[૨] કરજો સદા કૃપા દયા ને કરુણા રે..
જપતાં જપતાં સ્વસ્તિક શુભ નામને... મુક્તિ મોક્ષ દ્વારે મને દોરી જાજો રે..
વંદન કરું શ્રી ગણેશ પ્રતિકને....

હે ગાઓ ગાઓને ગરબો......

હે ગાઓ ગાઓને ગરબો, શ્રી સ્વસ્તિકનો રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો, શ્રી ગણેશનો રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે એતો..[૨] કરશે તમારો ઉદ્ધાર રે લોલ.

હે એતો..[૨] કરશે તમારો બેડોપાર રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે એતો..[૨] કરશે તમારું કલ્યાણ રે લોલ.

હે એતો..[૨] કરશે તમારું શુભમંગળ રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે એતો..[૨] કરશે તમારો બેડોપાર રે લોલ.

હે એતો..[૨] કરશે તમારો ભાગ્યોદય રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે એતો..[૨] દેશે ધન ધાન્ય તમને અપાર રે લોલ.

હે એતો..[૨] દેશે તમને વૈભવને વિલાશ રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે એતો..[૨] દેશે તમને આનંદ સુખ શાંતિ રે લોલ.

હે એતો..[૨] પાડશે નિર્વિધ્ને તમારાં કામ રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે એતો..[૨] દેશે શુભ આશિષ સૌભાગ્યનાં રે લોલ.

હે એતો..[૨] કરશે તમારાં જીવનને ધન્ય રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે એતો..[૨] કરશે હર મનોરથ પરિપૂર્ણ રે લોલ.

હે એતો..[૨] દેશે તમને શુભ વરદાન રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......

હે જે ગાયે ને સાભળે આ સ્વસ્તિકનો ગરબો રે લોલ.

હે એનો થાશે સ્વર્ગલોકમાં નિશ્ચિત વાસ રે લોલ.

હે ગાઓ ગાઓને ગરબો......





દિવ્ય દર્શન દ્યો ને દયાળુ.....



દિવ્ય દર્શન દ્યો ને દયાળુ, શુભ મંગળ લાભ પ્રતિક રે.

દુઃખ દરિદ્ર અમ દૂર કરો હે, સ્વસ્તિક સ્વરુપ શ્રી ગણેશ રે.

દિવ્ય દર્શન દ્યો ને દયાળુ.....

બળ બુદ્ધિ ધન વૈભવ આપો, રિદ્ધિ સિદ્ધિને પ્રભુ સાથ રે.

પ્રેમ સ્નેહ માયા પ્રગટાવો, દયા ધૈર્ય કરુણાની સાથ રે.

દિવ્ય દર્શન દ્યો ને દયાળુ.....

ધન ધાન્ય વૈભવ તમે આપો, શ્રી અષ્ટલક્ષ્મીની સાથ રે.

વિદ્યા જ્ઞાન ડહાપણ આપો, બળ શક્તિ સામર્થ્યની સાથ રે.



દિવ્ય દર્શન દ્યો ને દયાળુ.....

માન સન્માન ને કિર્તી આપો, વિનય વિવેક્ની સાથ રે.

લાભ શુકન સૌભાગ્ય આપો, સારાં પ્રારબ્ધની સાથ રે.

દિવ્ય દર્શન દ્યો ને દયાળુ.....

સુખ શાંતિ સંતોષ તમે આપો, આનંદ ઐશ્વર્યની સાથ રે.

ભાવ ભક્તિ ભગ્વદ્તા આપો, મહામૌક્ષ મુક્તિની સાથ રે.

દિવ્ય દર્શન દ્યો ને દયાળુ.....



સુખકર્તા દુખહર્તા તમે છો., માંગલિક છો મહાપ્રતિક રે.

વિધ્નહર્તા કષ્ટહર્તા તમે છો, જય મંગળમૂર્તિ ગણેશ રે.

દિવ્ય દર્શન દ્યો ને દયાળુ.....







વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....



વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને, શુભ લાભનાં એ પૂણ્ય પ્રતિકને .

વિઘ્નેશ્વર સદા વરદાયી સ્વસ્તિકને, મંગળમૂર્તિ શ્રી ગણેશ સ્વરૂપને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....



રિદ્ધિ સિદ્ધિ પતિ જય વિનાયક્ને, ગૌરી સુત જય ગજાનન તમને

શિવ નંદન જય ગણપતિ તમને, પ્રથમ પૂજીત પરમેશ્વર સ્વરૂપને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

ચતુર્ભૂજધારી જ્યોતિર્મય તમને, સૌર્ય પ્રતિક સમ સ્વસ્તિક તમને.

પ્રાકૃતિક ઋતુરાજ પ્રતિકને, દિવ્ય ચમત્કારીક સ્વસ્તિક પ્રતિકને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

સુખ કર્તા સૌભાગ્ય પ્રતિકને, વિઘ્ન કષ્ટ સંકટ હર્તા વિઘ્નેશ્વરને,

હર ભય ભીડ હર્તા શ્રી ગણેશને, ભાગ્યોદય કર્તા સિદ્ધિવિનાયક્ને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

દુખ દરિદ્ર હર્તા અષ્ટવિનાયક્ને, ભાગ્ય વિધાતા શ્રી ભાલચંદ્રને.

વિશ્વવ્યાપી શુકનવંતા પ્રતિકને, સદપ્રારબ્ધનાં અતિશુભ પ્રતિકને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....



ત્રિલોકનાથ મહાદેવ ચિન્હ તમને, સર્વત્ર વિરાજીત સ્વસ્તિક પ્રતિકને.

મહા શક્તિ શ્રીદેવીનાં પ્રતિક તમને, પંચ પરમેશ્વર પ્રતિક સ્વસ્તિકને.

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....





દોહા

સ્વસ્તિક સ્વરૂપ છે શ્રી ગણેશનું, સર્વ પ્રથમ એ પૂજાય.
શુભ મંગળનાં એ પ્રતિકને, વંદન કરો સહુ વારં વાર.
ભાવે સ્વસ્તિકને જે ભજે, કલ્યાણ સદા તેનું થાય.
સુખ વૈભવને ભોગવીને, તે અંતે સ્વર્ગમાં સીધાય.
બોલો ગૈરીસુત ગજાનનની જય

ગૌરી સુત શ્રી ગણેશને, પાયે લાગું હું વાર વાર. .
સર્વ વિઘ્ન દુઃખ દૂર કરો, હે સ્વસ્તિક શ્રી ગણેશ.
બોલો શીવસુત શ્રી ગણપતિની જય.

રિદ્ધિ સિદ્ધિનાં નાથને, કરું હું શત શત પ્રણામ.
કરો કાર્ય હર સિદ્ધ તમે, હે સિદ્ધિવિનાયક ભગવાન.
બોલો રિદ્ધિસિદ્ધિપતિ શ્રી સિદ્ધિવિનાયકની જય

શ્રી સ્વસ્તિક પ્રતિકને જે ભજે, કલ્યાણ સદા તેનું થાય.
ધન સમ્પત્તિ સુખ સદા મળે, બળ બુદ્ધિ પણ પ્રાપ્ત થાય.
શક્તિ સામાર્થ્ય સર્વે મળે, ને મળે પદ કીર્તિ સન્માન.
આજીવન પરમાનંદ પામીને, અંતે પહોંચે વૈકુંઠ ધામ.
બોલો શ્રી સ્વસ્તિક પ્રતિકની જય










શત શત વંદન તમે હવે સ્વિકારો.....



શત શત વંદન તમે હવે સ્વિકારો, હે ભાગ્યવિધાતા સ્વસ્તિક રે.

દિવ્ય દ્રષ્ટી તમે અમ પર રાખો, હે સ્વસ્તિક જય શ્રી ગણેશ રે.

શત શત વંદન તમે હવે સ્વિકારો.....


વહેલાં વહેલાં તમે અમ ઘર પધારો, હે સ્વસ્તિક શુભ પ્રતિક રે.

કરવાં શુભ મંગળ તમે અમ ઘર આવો, હે સ્વસ્તિક શ્રી ગણેશ રે.

શત શત વંદન તમે હવે સ્વિકારો.....

તમે છો હે પ્રભુ હર દુઃખ હર્તા, હે સ્વસ્તિક રૂપ શ્રી ગણેશ રે.

તમે છો હે પ્રભુ હર વિઘ્ન હર્તા, હે દુંદાળાં મહોદર ગણેશ રે.




શત શત વંદન તમે હવે સ્વિકારો.....

તમે છો હે પ્રભુ હર સંકટ હર્તા, હે ગણપતિ જય શ્રી ગણેશ રે.

તમે છો હે પ્રભુ હર દરિદ્ર હર્તા, હે મહા કૃપાળુ શ્રી ગણેશ રે.

શત શત વંદન તમે હવે સ્વિકારો.....



તમે છો સદા રિદ્ધિ સિદ્ધિ કર્તા, હે સિદ્ધિવિનાયક સ્વસ્તિક રે.

તમે છો હે પ્રભુ હર વિકટ હર્તા, હે મહા દયાળુ શ્રી ગણેશ રે.

શત શત વંદન તમે હવે સ્વિકારો.....

તમે છો સદા સુખ શાંતિ કર્તા, હે સ્વસ્તિક રૂપ શ્રી ગણેશ રે.


તમે છો સદા શુભ લાભ કર્તા, હે ગજાનન જય શ્રી ગણેશ રે.


શત શત વંદન તમે હવે સ્વિકારો.....


કરો કલ્યાણ પ્રભુ તમે અમારાં, હે પ્રથમ પૂજીત ભગવાન રે.

કરો ધન્ય પ્રભુ તમે આ ભવમાં, હે ગૌરી સુત શ્રી ગણેશ રે.

શત શત વંદન તમે હવે સ્વિકારો.....







અતિ મોહક અતિ સુંદર એ,,,,,



અતિ મોહક અતિ સુંદર એ, સ્વસ્તિક પ્રતિક છે પ્યારું.
અતિ મંગળ અતિ શુભ એ, સ્વસ્તિક પ્રતિક છે નિરાળું.
અતિ મોહક અતિ સુંદર એ,,,,,
જ્યોતિર્મય એ ચમત્કારી એ, અદભૂત પ્રતિક છે અનેરું.
શક્તિશાળી એ મહાબળી એ, શ્રીદેવી સ્વરૂપ છે દુલારું.
અતિ મોહક અતિ સુંદર એ,,,,,
તિવ્ર ઉર્જામય સુચેતનામય, સદા પ્રચંડ શક્તિ દેનારું. .
રક્ત વર્ણમય ચતુર્ભૂજમય, શોભે છે પ્રતિક એ દુલારું.
અતિ મોહક અતિ સુંદર એ,,,,,
દિવ્ય દર્શનીય ભાવભક્તિમય, આધ્યાત્મિક પ્રતિક અમારું.
આત્મઉન્નતિમય જીવન ધન્યમય,પરમેશ્વર પ્રતિક છે ન્યારું.
અતિ મોહક અતિ સુંદર એ,,,,,
આર્યગૌરવ અને સંસ્કૃતિમય, આર્યધર્મ પ્રતિક છે અમારું.
આર્ય શૌર્ય અને પ્રતિભામય, શુકનવંતુ પ્રતિક છે પુરાણું.
અતિ મોહક અતિ સુંદર એ,,,,,
સદાસર્વદા વિશ્વ પ્રચલિત એ,સદભાગ્ય ચિન્હ છે અનેરું.
શુભ લાભ મંગળનું પ્રતિક એ, અતિ પ્રાણ પ્રિય છે અમારું.
અતિ મોહક અતિ સુંદર એ,,,,,











જય સ્વસ્તિક શ્રી ગણેશ ગજાનન.....

જય સ્વસ્તિક શ્રી ગણેશ ગજાનન, નમન કરું તમને હું વારંવાર.

જય ગણપતિ હે સિદ્ધિવિનાયક, કરો કૃપા તમે અમ પર અપરંપાર.

જય સ્વસ્તિક શ્રી ગણેશ ગજાનન.....

પ્રેમ સુધા વરસાવો અમ જનપર, શ્રદ્ધા ભક્તિ વધારો હે પ્રભુવર.

દયા દ્રષ્ટિ દર્શાવો હર જનપર, હે સ્વસ્તિક શુભ મંગળ કરનાર.

જય સ્વસ્તિક શ્રી ગણેશ ગજાનન.....

દિવ્ય જ્યોતિ દિપાવો તનપર, આધ્યાત્મ પ્રેમ જગાવો હૃદયપર.

જ્ઞાન ધ્યાન વધારો મનપર. આત્મકલ્યાણ માર્ગનાં હે તારણહાર.

જય સ્વસ્તિક શ્રી ગણેશ ગજાનન.....

અમૃતધાર વહાવો અમપર, શુદ્ધિ પવિત્રતા લાવો તન આહાર.

વરદહસ્ત ધરો મુજ મસ્તકપર, શુભ આશિષ આપો હે ભરથાર.

જય સ્વસ્તિક શ્રી ગણેશ ગજાનન.....

પરમ આનંદ અર્પો જીવનભર, ધન્ય કરો અમ જીવન અપાર,

મૌક્ષ મુક્તિ અર્પો હે મહેશ્વર, જય હો ગણેશ પ્રભુ સ્વસ્તિકાકાર..

જય સ્વસ્તિક શ્રી ગણેશ ગજાનન.....





વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....

વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને, વંદન કરીએ શ્રી ગણપતિ તમને.
વિશ્વવ્યાપી શુભ મંગળી તમને, પ્રથમ પૂજીત શ્રી ગણેશ પ્રતિકને.
વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....
સુખકર્તા દુખહર્તા તમને, સુખ શાંતિ અર્પિતા તમને.
વિઘ્નહર્તા કષ્ટહર્તા તમને, સંકટહર્તા ભયહર્તા તમને.
વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....
આધિ વ્યાધિહર્તા તમને, ભીડહર્તા ઉપાધિહર્તા તમને.
દ્વિધા ચિંતાહર્તા તમને, કષ્ટહર્તા દરિદ્રહર્તા તમને.
વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....
રિદ્ધિકર્તા સિદ્ધિકર્તા તમને, વૃદ્ધિકર્તા બુદ્ધિકર્તા તમને.
યશકર્તા કીર્તિકર્તા તમને, પ્રગતિ ઉન્નતિકર્તા તમને.
વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....
તિષ્ટીકર્તા પુષ્ટીકર્તા તમને, ક્ષેમ કુશળકર્તા તમને
આનંદ મંગલકર્તા તમને, પાવન પવિત્રકર્તા તમને.
વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....
નિર્મળ નીર્મોહીકર્તા તમને, નીર્વિકારી નીર્દોષિકર્તા તમને
સદાચારી સદભાવીકર્તા તમને, સદગુણી સજ્જનકર્તા તમને.
વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....
શુદ્ધ આધ્યાત્મિકકર્તા તમને, પ્રભુ ભક્તિમયકર્તા તમને
દિવ્ય દર્શન દેનારાં તમને, મુક્તિ મૌક્ષ દેનારાં તમને.
વંદન કરીએ શ્રી સ્વસ્તિક તમને.....





આવજો આવજો આવજો રે સ્વસ્તિક...

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, અમારે આંગણીયે તમે પધારજો.

પાડજો પાડજો પાડજો રે સ્વસ્તિક, શુભ શુકનવંતા પગલા તમે પાડજો.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક...

આવજો આવજો આવજો રે સાથે માતા લક્ષ્મીજીને તેડી લાવજો.

ભરવાં ભરવાં ભરવાં રે અમારા ધન ધાન્યનાં ભંડારોને ભરવાં રે.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક...

આવજો આવજો આવજો રે સાથે માં સરસ્વતીજીને તેડી લાવજો.

આપવા આપવાં આપવાં રે અમને જ્ઞાન બુદ્ધિ ડહાપણ આપવાં રે.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક...

આવજો આવજો આવજો રે સાથે મૈંયા પાર્વતીજીને તેડી લાવજો.

આપવા આપવાં આપવાં રે અમને પ્રેમ શક્તિ સામર્થ્ય આપવાં રે.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક...

આવજો આવજો આવજો રે સાથે માતા નવદુર્ગાજીને તેડી લાવજો.

આપવા આપવાં આપવાં રે અમને શ્રદ્ધા ભક્તિને સાધના આપવાં રે.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક...

આવજો આવજો આવજો રે સાથે શ્રી ગણપતિજીને તેડી લાવજો.

આપવા આપવાં આપવાં રે અમને સદભાગ્ય સૌભાગ્ય આપવાં રે.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક...

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, સર્વ શુભ મંગળ કરવાંને આવજો

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, સર્વ ક્ષેમ કુશળ કરવાંને આવજો.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, સર્વ સુખ શાંતિ કરવાંને આવજો.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, સર્વ સ્ચ્યિદાનંદ કરવાંને આવજો

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, અમારી સુરક્ષા કરવાંને આવજો.

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, અમારો સદા ઉદ્ધાર કરવાં આવજો .

આવજો આવજો આવજો રે સ્વસ્તિક, અમારું સર્વ કલ્યાણ કરવાંને આવજો.

આરતી કરું હું.....

આરતી કરું હું જય શ્રી સ્વસ્તિકની
આરતી કરું હું જય શ્રી ગણેશની.
આરતી કરું હું.....
સુખકર્તા દુઃખહર્તા શ્રી સ્વસ્તિકની,
કષ્ટ વિઘ્ન વિનાશી મંગળમૂર્તીની
આરતી કરું હું.....
માં રિદ્ધિ સિદ્ધિનાં પ્રાણ પતિની,
ધન વૈભવનાં મહાદાની પ્રભુની.
આરતી કરું હું.....
સ્વસ્તિક સ્વરૂપ પરમ પરમેશ્વરની
સર્વ પ્રથમ પૂજીત શ્રી ગણપતિની.
આરતી કરું હું.....
બળ બુદ્ધી જ્ઞાન અર્પણકર્તાની,
ગજમુખધારી શ્રી ગજાનનની.
આરતી કરું હું.....
સંતતિ સંપત્તિ અર્પણ કર્તાની,
પરમ કૃપાળુ સિદ્ધિવિનાયકની.
આરતી કરું હું.....
શુભ લાભ કર્તા શ્રી સ્વસ્તિકની
સર્વ મંગલકર્તા શ્રી ગણેશની.
આરતી કરું હું.....
અષ્ટવિનાયક ચતુર્ભૂજ ચિન્હની
જ્યોતિર્મય શ્રી ગણાધિપતિની.
આરતી કરું હું.....
આરતી સ્વિકારો મારી ભાવભક્તિની
આશિષ આપો મારાં શુભ કલ્યાણની
આરતી કરું હું.....







મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે.....

મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે, સુખ શાંતી દાતા સ્વસ્તિક છે.
રિદ્ધિ સિદ્ધિ દાતા સ્વસ્તિક છે. સંપત્તિ વૈભવ દાતા સ્વસ્તિક છે
મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે.....
વિકટ વિઘ્ન હર્તા સ્વસ્તિક છે, બંધન બાધા હર્તા સ્વસ્તિક છે
કલહ ક્લેશ હર્તા સ્વસ્તિક છે. આપત્તિ વિપત્તિ હર્તા સ્વસ્તિક છે
મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે.....
મોહ માયા હર્તા સ્વસ્તિક છે, રાગ દ્વેષ હર્તા સ્વસ્તિક છે
ધૃણા ક્રોધ હર્તા સ્વસ્તિક છે, અભિમાન અહંકાર હર્તા સ્વસ્તિક છે.
મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે
સંતતિ ધન દાતા સ્વસ્તિક છે. કિર્તી સન્માન દાતા સ્વસ્તિક છે
પાલન પોષણ કર્તા સ્વસ્તિક છે. સર્વ રક્ષણ કર્તા સ્વસ્તિક છે.
મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે.....
પ્રેમ પરમાર્થ કર્તા સ્વસ્તિક છે. પરમાનંદ દાતા સ્વસ્તિક છે
પાવન પવિત્ર કર્તા સ્વસ્તિક છે. નિર્મળ શુદ્ધ કર્તા સ્વસ્તિક છે
મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે.....
ભક્તોંનાં શુભચિંતક સ્વસ્તિક છે. ભક્તોનાં તારણહાર સ્વસ્તિક છે.
ભક્તોનું કલ્યાણકર્તા સ્વસ્તિક છે. સદા સર્વ સ્વસ્તિકર્તા સ્વસ્તિક છે.
મંગળ શુભ કર્તા સ્વસ્તિક છે.....






જય સ્વસ્તિક જય સ્વસ્તિક.....

જય સ્વસ્તિક જય સ્વસ્તિક જય સ્વસ્તિક દેવા.
માતા જેની સર્વદેવીઓ, ને પિતા છે સર્વદેવા.
જય સ્વસ્તિક જય સ્વસ્તિક.....
પ્રથમ ચિન્હ વિશ્વવ્યાપી, ચતુર્ભુજા ધારી,
રક્ત રંગમાં એ શોભે, અદભૂત સ્વરૂપ ધારી.
જય સ્વસ્તિક જય સ્વસ્તિક.....
નિર્ધનને ધન અર્પે ને, દુખીજનોંને સુખ સારાં.
ધ્યાન ધરે પુજન જે કરે, કરે જે નિત્ય સેવા.
જય સ્વસ્તિક જય સ્વસ્તિક.....
નિર્બળને શક્તિ અર્પે, ભૂખિયાને ધાન્ય મેવા.
રોગીને સુસ્વાસ્થ્ય અર્પે, અંધજનોને દ્રષ્ટી દેતા.
જય સ્વસ્તિક જય સ્વસ્તિક.....
અજ્ઞાનીને જ્ઞાન દેતા, અશિક્ષીતકો વિદ્યામાતા.
બંધીને મુક્તિ અર્પતાં, સર્વ કષ્ટ હરે દેવા.
જય સ્વસ્તિક જય સ્વસ્તિક.....
શુભ મંગલ સર્વનાં એ કરે, જે કરે તેમની સેવા.
રિદ્ધિ સિદ્ધિ ઘરમાં આવે, પામે તે અતિ મહામેવા.
જય સ્વસ્તિક જય સ્વસ્તિક.....









વર દ્યો વર દ્યો વર દ્યો.....



વર દ્યો વર દ્યો વર દ્યો, હે સ્વસ્તિક, અમને શુભ મંગળ વર દ્યો.
વર દ્યો વર દ્યો વર દ્યો, હે સ્વસ્તિક, અમારું સર્વકલ્યાણ કરી દ્યો.
વર દ્યો વર દ્યો વર દ્યો.....
સુખ વૈભવનું, ધન ધાન્યનું, રિદ્ધિ સિદ્ધિનું વર દ્યો....
સંતોષ શાંતિનું, સદા સદભાવનું, સુસંસ્કારનું વર દ્યો...
વર દ્યો વર દ્યો વર દ્યો.....
શૌર્ય સાહસનું, શક્તિ સામર્થ્યનું, બળબુદ્ધિનું વર દ્યો...
પદ કિર્તીનું, માન સન્માનનું, યશ વિજયનું વર દ્યો...
વર દ્યો વર દ્યો વર દ્યો.....
શુભ વિદ્યાનું, શુભ વાણીનું, શુદ્ધ વિચારોનું વર દ્યો...
સદ બુદ્ધિનું, સદાચારનું, સદ વ્યવહારનું વર દ્યો...
વર દ્યો વર દ્યો વર દ્યો.....
સદ કાર્યનું, સદ વર્તનનું, શુભ આદર્શનું વર દ્યો...
સદ ભાવનાનુ, સત કર્મનું, સદા સયંમનું વર દ્યો...
વર દ્યો વર દ્યો વર દ્યો.....
પ્રેમભાવનું, જન સેવાનું, પ્રભુ સેવાનું વર દ્યો...
પ્રભુ ભક્તિનું, પ્રભુ પ્રાપ્તિનું, મહામૌક્ષનું વર દ્યો...
વર દ્યો વર દ્યો વર દ્યો.....
ભરી દ્યો ભરી દ્યો ભરી દ્યો, સ્વસ્તિક મંત્રથી જીવન ભરી દ્યો.
કરી દ્યો કરી દ્યો કરી દ્યો,. જીવન મારું સુસાર્થક તમે કરી દ્યો.
વર દ્યો વર દ્યો વર દ્યો.....







જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....

જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા, જય જય જય હો સ્વસ્તિકા.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા, જય જય જય હો સ્વસ્તિકા.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
આદી અનાદી અનંત કાળોથી, પ્રચલીત પ્રતિક તારું નામ છે.
હર સંસ્કૃતિઓમાં સન્માન સાથે, તારું તો વિશ્વવ્યાપિ નામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
જાપાનમાં તને સૌ ‘માંજી’ કહે, રુમાનિયામાં ’ફ્રઇશઈન્કાર્લીગાટા ’ તારું નામ છે.
બ્રિટનમાં તને ફાઈલફોટ’ કહે જર્મનીમાં ‘હેકેનક્રુએઝ’ તારું નામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
ગ્રીસમાં તને ગેમ્માડિયોન કહે, આઈસ્લેન્ડમાં ‘હકક્રોસ’ તારું નામ છે.
લેટિનમાં તને સૌ ‘ફ્રક્ષગમ્માટા’ કહે, કેલ્ટીકમેં ‘બ્રિજીટક્રોસ’ તારું નામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
ફીનલેન્ડમાં તને સૌ ‘હકારીસ્તી’ કહે, નોર્વેમાં ’હકેક્રોસ’ તારું નામ છે.
ઈટલીમાં તને ‘ક્રોસે ઉન્સીનાટા’ કહે, ચીનમાં ‘વાંગ’ તારું નામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
લત્વિયામાં તને ‘પર્કોંક્રુસ્ત’ કહે, ડેન્માર્કમેં ‘ હેકેનક્રુઇક્ષ’ તારું નામ છે.
તીબેટમાં તને સૌ ‘યુંગડુંગ’ કહે, સ્વિડનંમાં ‘હક્કોર’ તારું નામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
સરબીયામાં તને ‘કુકાસ્તિક્રસ્ત’ કહે, ફ્રાન્સમાં ‘ક્રોઈક્ષગામ્મી’ તારું નામ છે.
પોર્ચુગલમાં તને’ફ્રઝગમાડા’ કહે, તુર્કીસ્તાનમાં ‘ગમાહ્હક’ તારું નામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
વિયેતનામમાં તને ‘ચુરવાન’ કહે, પોલેન્ડમાં’ સ્વસ્ત્યક’ તારું નામ છે.
ભારતમાં તને સૌ ‘સ્વસ્તિક’ કહે, અન્ય દેશોમાં ‘સ્વસ્તિકા’ તારું નામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....
જો જે કોઈ ઈચ્છે તને તે કહે, પણ સંસ્કૃતમાં ‘સ્વસ્તિક’ તારું શુભનામ છે.
ક્ષેમકુશળતાનું સદા ચિન્હ તું, શુભ મંગલ કલ્યાણ કરવાનું તારું કામ છે.
જય સ્વસ્તિકા જય સ્વસ્તિકા.....














સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો.....


સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો, સ્વસ્તિ કરી દ્યો સ્વસ્તિકા,
રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ કરી દ્યો, સર્વ સમૃદ્ધિ કરી દ્યો સ્વસ્તિકા,
સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો.....
તમે છો શુભ મંગળનાં સ્વામિ, તમે પાવન પવિત્ર છો સ્વસ્તિકા.
તમે છો સત્ય શીવ સુદર સ્વામિ, તમે તો દયામય છો સ્વસ્તિકા.
સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો.....
તમે છો ધન વૈભવનાં સ્વામિ, તમે સમૃદ્ધિનાં સ્વામિ છો સ્વસ્તિકા.
તમે છો સુખ શાંતિનાં સ્વામિ, તમે તો કરૂણામય છો હે સ્વસ્તિકા.
સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો.....
તમે છો ધર્મ અર્થ કામનાં સ્વામિ, મૌક્ષ મુક્તિનાં સ્વામિ છો સ્વસ્તિકા.
તમે છો જ્ઞાન બુદ્ધિનાં સ્વામિ, તમે પ્રારબ્ધનાં સ્વામિ છો સ્વસ્તિકા.
સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો.....
તમે છો ક્ષેમકુશળતાનાં સ્વામિ, તમે સૌભાગ્યનાં સ્વામિ છો સ્વસ્તિકા.
તમે છો જન્કલ્યાણનાં સ્વામિ, તમે તો શુભેચ્છાનાં સ્વામિ છો સ્વસ્તિકા.
સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો.....
તમે છો સદભાગ્યનાં સ્વામિ, તમે સુખ શાંતિનાં સ્વામિ છો સ્વસ્તિકા.
તમે છો વિશ્વવિધાતા સ્વામિ, કરો કૃપા હે શ્રી ગણેશ ગજાનન દેવતા..
સ્વસ્તિ સ્વતિ સ્વસ્તિ કરી દ્યો.....







જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....







જગપતિ સ્વસ્તિક છે તમારું નામ, સર્વ વિશ્વનું તમે કરી દ્યો કલ્યાણ.
સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ, ભજીલો ભક્તોશ્રી સ્વસ્તિકનું નામ.
જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....
પૂજન હું કરું તમ સદા સવારને સાંજ, સર્વ કષ્ટ હરો હે મારાં ભગવાન.
રટણ હું કરુ સદા સ્વસ્તિકનું શુભનામ, શુભાશિષ અમને આપો ભગવાન.
જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....
લઉં છું હું હર પળ ઘડિ તમારું નામ, પાર લગાવી દ્યો મારાં બધાં જ કામ.
દૂર કરો મારાં મન ચીતનો હર ભાર, હર દુઃખ કષ્ટ હરો પ્રભુ તમે તત્કાળ.
જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....
સ્વસ્તિક તો છે પરમ પિતાનું નામ, જપીલો ભક્તો તમે શ્રી સ્વસ્તિક નામ.
સ્વસ્તિક છે પરમ માતાજીનું નામ, પામો આદ્યશક્તિનાં મહા શુભવરદાન.
જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....
સિદ્ધિવિનાયક છે શ્રી સ્વસ્તિકનું નામ, દૂર કરે છે એ તમારાં વિઘ્ન તમામ.
શ્રી ગણેશ છે સ્વસ્તિક પ્રતિકનું નામ, દૂર કરે છે એ તમારાં સંકટ તમામ.
જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....
ભક્તિભાવે ભજો સૌ તમે સ્વસ્તિક નામ, સ્વસ્તિક કરશે તમારાં મંગળ કામ.
ભજીલ્યો ભજીલ્યો તમે શ્રીસ્વસ્તિક નામ, પામવા પરમ મહા મુક્તિનું ધામ.
જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....
કરું શાષ્ટાંગવત હું તમને પ્રણામ, કરું વંદન સ્વસ્તિક પ્રતિકને હું વારંવાર.
સાંભળો મારી વિનંતી હે મારાં પ્રાણ, આ ભવથી હવે તારો મને હે ભગવાન.
જગપતિ સ્વસ્તિક છે તમારું નામ.....





હો તમે ભાવે ભજીલોને ...


હો.. ભાવે ભજીલોને સ્વસ્તિક નામ રે
હે.. એતો ...[૨] કરશે તમારું કલ્યાણ રે.
.. હો .. ભાવે ભજીલોને ..
હે.. સ્વસ્તિક તો આર્યજનોનું પ્રતિક રે
હે.. સ્વસ્તિક છે શુભશુકનનું પ્રતિક રે
.. હો .. ભાવે ભજીલોને ..
હે.. સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ રે,
હે.. એતો પાર પાડે છે સહુનાં કામ રે,
.. હો .. ભાવે ભજીલોને ..
હે .. સ્વસ્તિક છે મહાલક્ષ્મીજીનું નામ રે,
હે .. એતો અર્પે છે ભક્તને ધન ધાન્ય રે,
.. હો .. ભાવે ભજીલોને ..
હે .. સ્વસ્તિક છે શ્રી સરસ્વતિનું નામ રે,
હે .. એતો અર્પે છે અબુધને વિદ્યા દાન રે,
.. હો .. ભાવે ભજીલોને ..
હે .. સ્વસ્તિક છે શ્રી પાર્વતીજીનું નામ રે,
હે .. એતો અર્પે છે નિર્બળને મહાબળ રે,
.. હો .. ભાવે ભજીલોને ..
હે .. સ્વસ્તિક છે મહાશક્તિ કેરું નામ રે,
હે.. એતો કરે છે રક્ષણ દિનરાત રે,
.. હો .. ભાવે ભજીલોને ..
હે .. સ્વસ્તિક છે પરમેશ્વનું નામ રે,
હે .. પ્રથમ પૂજન કરિને કરીયે બધાં કામ રે.
.. હો .. ભાવે ભજીલોને ..
હે .. સ્વસ્તિક છે મહા મુક્તિ નો માર્ગ રે,
હે .. ભાગે છે દુઃખ દરીદ્ર લેતાં નામ રે.
.. હો .. ભાવે ભજીલોને ..











પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ



પ્રભુને પ્યારું છે સ્વસ્તિકનું નામ, જય બોલો જય જય સ્વસ્તિક નામ.
નયન ન્યારું એ પ્રતિક છે મહાન, હર ઘડી હર પળ લો સ્વસ્તિક નામ.
....પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ
શુભકારી છે સ્વસ્તિક નામ, લાભકારી છે સ્વસ્તિકનું કામ.
મંગળમય છે સ્વસ્તિકનો માર્ગ, કલ્યાણી છે સ્વસ્તિકનું કાર્ય.
....પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ
દુઃખ દૂર કરે છે શ્રી સ્વસ્તિક રામ, કષ્ટ હરે છે શ્રી સ્વસ્તિક શ્યામ.
વિઘ્નો હરે છે શ્રી સ્વસ્તિક નામ, પારપાડે છે ભક્તજનોનાં કામ.
....પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ



કરે છે રિધ્ધિ સિધ્ધિનાં એ દાન, સમ્પત્તિ સંતતી સઘળાંની સાથ
સુખ શાંતિ સમૃધ્ધિ ને ધન ધાન્ય, સ્વસ્તિક અર્પે છે મહાસન્માન.
....પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ
શ્રધ્ધાથી જેકોઇ લે સ્વસ્તિક નામ,સફળ બને એનો આ ભવકાળ,
ભક્તિથી ભજે જેકોઇ સ્વસ્તિક નામ,થાયે ધન્ય ધન્ય એનો અવતાર.
....પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ
ભજો પ્યારે ભજો સ્વસ્તિક નામ, કરવાં આ જીવનનો ઉધ્ધાર.
ભજીલે ભજીલે તું સ્વસ્તિક નામ, પામવાં પરમ પ્રભુ કેરું ધામ.
....પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ
ભજો ગોવિંદમ્ ભજો સીતારામ, ભજો ગોવિંદમ્ રાધેશ્યામ.
ભજો સ્વસ્તિક મહા દૈવી નામ, કરવાં સદા સત્કર્મોનાં કામ.
....પ્રભુ પ્યારું છે સ્વસ્તિકનું નામ







હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ



હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ શ્રી સ્વસ્તિકજીનું નામ રે.
શ્રી ગણેશ પ્રતિકને નમન કરીને, કરીએ સઘળાં કામ રે.
....હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ
હે કર જોડીને તને હું વિનવું સ્વામિ, કૃપા કરોને મહારાજ રે.
દુઃખ દરિદ્ર બધું દૂર કરીને, આપો ધન ધાન્યનાં થાળ રે.
....હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ
હે નત શીશે તને હું નમન કરું મારાં સ્વામિ, દયા કરોને દેવ રે
સંકટ કષ્ટનું નિવારણ કરીને, અર્પો સર્વ સુખને ચૈન રે.
....હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ



હે શાષ્ટાંગત પ્રણામ હું કરું મારાં વ્હાલા, અનુકમ્પા કરોને હે નાથ રે.
ક્લેશ કલહ ચિંતાને નષ્ટ કરીને,શાંતિ આપોને ગણરાજ રે.
....હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ
હે ઉભા રહીને તને હું વંદન કરું મારા સ્વામિ, કરુણા કરોને દુંદાળા દેવ રે.
વિઘ્ન વિકટને દૂર કરીને, સરળ કરોને મારાં હર કામ રે.
....હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ
હે જપ જપીને તને હું સ્મરણ કરું મારા સ્વામિ, માયા કરોને દીનાનાથ રે.
આધિ વ્યાધિ ઉપાધિનું સમન કરીને, તંદુરસ્ત કરોને મુજ શરીર રે.
....હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ



હે ભજન ભજીને તને હું વિનતી કરું મારા સ્વામિ, ભીડ હરોને ભોળાનાથ રે.
આ રંક જન પર મહાકૃપા કરીને, આશિષનો કરોને વરસાદ રે.
....હે પ્રથમ પહેલાં સ્મરણ કરીએ




સ્વસ્તિક કરો .....

સ્વસ્તિક કરો કલ્યાણ અમારું, હે સ્વસ્તિક કરો સર્વ શુભ અમારું.
સ્વસ્તિક કરો સર્વ મંગળ અમારું, હે સ્વસ્તિક હરો સર્વ કષ્ટ અમારું.
....સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે વિઘ્નેશ્વર હે ગણનાયક, હે ગણપતી હે અષ્ટવિનાયક,
વિઘ્ન હરો હે સ્વસ્તિક અમારાં, સંકટ હરો હે સ્વસ્તિક અમારાં,
....સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે વક્રતુંડ હે મહાકાય, હે સર્વકોટી હે શ્રીગણેશાય,
દુઃખ હરો હે સ્વસ્તિક હમારાં, દરિદ્ર હરો હે સ્વસ્તિક અમારાં,
....સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે એકદંત હે કૃષ્ણપીંગાક્ષ, હે ગજવક્ત્રં હે લંબોદર,
રાગ હરો હે સ્વસ્તિક અમારાં, દ્વેષ હરો હે સ્વસ્તિ અમારાં,
....સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે ધુમ્રવર્ણ હે ભાલચંદ્ર, હે મહોદર હે ગજાનના,
ક્રોધ હરો હે સ્વસ્તિક અમારાં, કામ હરો હે સ્વસ્તિક અમારાં,
....સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે ગજકર્ણ હે ગણાધ્યક્ષ, હે શશીવર્ણ હે હેરમ્બા,
લોભ હરો હે સ્વસ્તિક અમારાં, લંપટ હરો હે સ્વસ્તિક અમારાં,
....સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે ધુમ્રવર્ણ હે ભાલચંદ્ર, હે મહોદર હે ગજાનના,
લાભ કરો હે સ્વસ્તિક અમારાં, ભાગ્યોદય કરો હે સ્વસ્તિક અમારાં,
....સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે ગૌરીસુત હે શંકરસુત, હે મયુરેશ્વર હે વિશ્વરાજા,
યશ અર્પો હે સ્વસ્તિક અમારાં, કિર્તી અર્પો હે સ્વસ્તિક અમારાં
...સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે મૃત્યુંજય હે મુક્તિદાય, હે ચતુર્ભુજ હે મહાકાય,
લક્ષ્મી આપો હે સ્વસ્તિક અમારાં, વૈભવ આપો હે સ્વસ્તિક અમારાં.
...સ્વસ્તિક કરો કલ્યાણ અમારું
હે સ્વસ્તિક કરો આધ્યાત્મ જીવન અમારાં, હે સ્વસ્તિક કરો જીવન ઉજ્વળ અમારાં.
હે સ્વસ્તિક કરો સર્વોધ્ધાર અમારાં, હે સ્વસ્તિક આપો શુભાશિષ સારાં.
...સ્વસ્તિક કરો કલ્યાણ અમારું



ભક્તજન તો તેને રે કહિયે જે.....





ભક્તજન તો તેને રે કહિયે જે, સ્વસ્તિકના ગુણ ગાયે રે.
ભેદભાવને મોભે રાખીને, સર્વને સરખાં માને રે.
....ભક્તજન તો તેને રે કહિયે જે
પ્રુથ્વિલોકમાં સહુને વંદે,ધૃણા ન કરે કોઈની રે.
તન મન ધનને શુધ્ધ જે રાખે, ધન્ય હો જનની તેની રે.
....ભક્તજન તો તેને રે કહિયે જે
વેર ઝેર સ્પર્શે નહીં જેને, સહુને પોતાનાં માને રે.
સ્વસ્તિક નામની લગન જેને લાગી, સકળ મટે દુઃખ દરિદ્ર તેનાં રે.
....ભક્તજન તો તેને રે કહિયે જે
સત્ય અહિંસાને પરમ ધર્મ માને ને, કરે જન સેવાનાં કામ રે.
શુભ મંગળ સર્વ કાર્ય કરે ને, ભજે શ્રી સ્વસ્તિકનું નામ રે.
....ભક્તજન તો તેને રે કહિયે જે
કામ ક્રોધને વશમાં રાખીને, લોભ લંપટને ત્યાગે રે.
સ્વસ્તિક હરીનાં ભજન કરતાં, મહા મોક્ષને તે પામે રે.
....ભક્તજન તો તેને રે કહિયે જે
મોહ માયા મમતાને છોડે, આધ્યાત્મિકતાને અપનાવે રે.
સ્વસ્તિક પ્રતિકનાં દર્શન કરતાં, ભગ્યોદય તેનો થાયે રે.
....ભક્તજન તો તેને રે કહિયે જે





સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ

સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ, સ્વસ્તિક છે મહા પ્રભુનું નામ .
ઉઠતા બેસતાં કરતાં હર કામ, લઈલો શ્રી સ્વસ્તિકનું શુભનામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે શુભ મંગળ નામ, સ્વસ્તિક છે શુભકામના નામ .
શક્તિ છે શ્રી સ્વસ્તિકનું નામ, સમૃધ્ધિ છે શ્રી સ્વસ્તિકનું નામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે શુભલાભનું નામ, સ્વસ્તિક છે અહોભાગ્યનું નામ .
વૃધ્ધિ છે શ્રી સ્વસ્તિકનું નામ, વિકાશ છે શ્રી સ્વસ્તિકનું નામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે શુભકારી નામ, સ્વસ્તિક છે શુભેચ્છક નામ.
માનવધર્મ છે શ્રી સ્વસ્તિકનું નામ, માનવકર્મ છે સ્વસ્તિક નામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે પ્રેમભાવનું નામ, સ્વસ્તિક છે માયા મમતાનું નામ .
જીવદયા છે શ્રી સ્વસ્તિકનું નામ, માનવતા છે શ્રી સ્વસ્તિકનું નામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે સદાચારનું નામ, સ્વસ્તિક છે સદવ્યવહાર નું નામ .
સદગુણ છે શ્રી સ્વસ્તિકનું નામ,સદભાવ છે શ્રી સ્વસ્તિકનું નામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે સહચારનું નામ, સ્વસ્તિક છે સહ અસ્તિત્વનું નામ .
મમતા છે સ્વસ્તિકનું નામ,કરુણા છે સ્વસ્તિકનું નામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે વિશ્વબંધુત્વનું નામ, સ્વસ્તિક છે વિશ્વએકતાનું નામ .
વિશ્વસંસ્કૃતિ શ્રી સ્વસ્તિકનું નામ,વિશ્વપરમ્પરા શ્રી સ્વસ્તિકનું નામ .
....સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ
સ્વસ્તિક છે વિશ્વપ્રતિક મહાન, સ્વસ્તિક છે વિશ્વપ્રસિધ્ધ સમાન .
સ્વસ્તિકને આપો અમુલ્ય બહુમાન,યુનોમાં આપો એને પ્રતિષ્ઠીત
સ્થાન .



સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ

સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ, ભજીલો ભક્તો સ્વસ્તિકનું નામ.
સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ, ભજ પ્યારે તું સ્વસ્તિક નામ.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
પ્રથમ પૂજા કરી કરીયે સઘળાં કામ, તો મંગળમય બનશે કાર્ય તમામ.
સ્વસ્તિક કરશે તમારાં હર શુભ કામ, સ્વસ્તિક કરશે તમારું કલ્યાણ.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
ઉઠતાં બેસતાં લો સ્વસ્તિકનું નામ, હરતાં ફરતાં લો સ્વસ્તિકનું નામ.
દિવસ રાત લો સ્વસ્તિકનું નામ, હર ઘડી હર પળ ભજો સ્વસ્તિક નામ.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
આપશે એ ધન ધાન્યનાં ભંડાર, અર્પશે રિધ્ધિ સિધ્ધિ ને બહુમાન.
સ્વસ્તિક આપશે તમને મહા લાભ, સ્વસ્તિક દેશે શુભ આશિર્વાદ.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
ખોલશે એ સુખવૈભવનાં દ્વાર,આપશે સંતતી સમ્પત્તી અપાર.
આપશે એ સમૃધ્ધિ શાંતિ અપાર, કરશે તમારો એ બેડો પાર.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
દેશે એ દિવ્ય મહા જ્ઞાન વિશાળ, આપશે એ બળ બુધ્ધિ પણ અપાર.
બતાશે તમને મહામુક્તિનો માર્ગ,ખોલશે સ્વસ્તિક સર્વ સ્વર્ગનાં દ્વાર.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
પામશો સત્ ચિત આનંદ તમામ, કરશો સૌ આધ્યાત્મિક કામ.
સુખ સંસારનાં પામી તમામ, અંતે પામશો પરમ મૌક્ષનાં ધામ.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
સત્યમ્ શીવમ્ સુંદરમ્ છે સ્વસ્તિકનું નામ, સ્વસ્તિક છે પરમેશ્વરનું ધામ.
સ્વસ્તિક શરણમાં નમશો જો વારંવાર, તો થાશે તમારો આ ભવ પાર.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ
પ્રેમથી લ્યો શ્રી સ્વસ્તિકનું નામ, ભાવથી ભજો સ્વસ્તિકનું નામ.
ભક્તિથી લ્યો શ્રી સ્વસ્તિકનું નામ, શ્રદ્ધાથી કરો સ્વસ્તિકને સૌ પ્રણામ.
....સ્વસ્તિક છે શ્રી ગણેશનું નામ











જય સ્વસ્તિક ગણનાથ દયાળુ






જય સ્વસ્તિક ગણનાથ દયાળુ,અતી સુંદર શોભે છે સ્વરુપ તમારું.
નમન કરે છે તમને સૌ શ્રદ્ધાળુ,વિનંતી સ્વિકારી કરો કલ્યાણ અમારું.
....જય સ્વસ્તિક ગણનાથ દયાળુ
વિશ્વવ્યાપી છે નામ તમારું, વિશ્વપ્રચલીત છે પ્રતિક તમારું.
વિશ્વ કરે છે સન્માન તમારું, આર્યજનોનું છે પ્રાણથી પ્યારું.
....જય સ્વસ્તિક ગણનાથ દયાળુ
ધન ધાન્ય સંતતી અર્પો બધું સારું,રિધ્ધિ સિધ્ધિ આપો અમે ન્યારું.
કરો નિરોગી તમે શરીર અમારું,સુખ શાંતિમય કરો જીવન અમારું.
....જય સ્વસ્તિક ગણનાથ દયાળુ
બળ બુદ્ધિ ચેતન આપો મને સારું, શક્તિ ભક્તિની સાથે હું વિહારું.
સુખ સમ્રુધ્ધિ છે મહા દાન તમારું, જનસેવામાં જીવન હું ગાળું.
....જય સ્વસ્તિક ગણનાથ દયાળુ
કરીદો ઉજ્વળ પ્રારબ્ધ અમારું, કરીદો ઉજાગર ભવિષ્ય અમારું.
કરીદો સ્વામિ ભાગ્યોધ્ધાર અમારું, કરીદો આ જીવન સાર્થક અમારું.
....જય સ્વસ્તિક ગણનાથ દયાળુ
બે કર જોડી ધરું ધ્યાન તમારું, ભાવ ભક્તિથી શીશ નમાવું.
રટણ કરું હર ઘડી હું નામ તમારું, કૃપા કરો હે ગણેશ દયાળુ.
જય સ્વસ્તિક ગણનાથ દયાળુ





સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન




સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન, સ્વસ્તિકનાં ગાઓ સૌ ગુણગાન.
સ્વસ્તિક નામ જય સ્વસ્તિક નામ, ભજ ભાવે તું સ્વસ્તિક નામ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન
આર્યજનોનું છે એ મહા સન્માન, આર્યધર્મનું છે એ ચિન્હ મહાન.
આર્યસંસ્કૃતીનું છે ગૌરવ સોપાન, આર્યજનોનું છે એ પ્રાણ સમાન.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન
વિશ્વમાં સર્વસ્વ છે એનું સ્થાન, હર સંસ્કૃતીએ આપ્યું એને બહુમાન.
વાયકિંગ હો યા ગ્રીક રોમન, એઝટેક હો યા ઈન્કા માયન.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન



ભારત હો યા ચીન જાપાન, અમેરિકા રશીયા યુરોપમાં નામ.
પર્સીયા આફ્રિકા અરબસ્તાન, સ્વસ્તિકનું છે બધે અનોખું સ્થાન.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન
હર ધર્મોમાં છે સ્વસ્તિકને સ્થાન, હર કળામાં છે એનું પહેલું સ્થાન.
વિશ્વજનોનું છે એ પ્યારું નામ, ના કરો કોઈ એનું કલંકીત નામ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન
સ્વસ્તિક છે પ્રકાશનું નામ, સ્વસ્તિક છે જીવનનું નામ.
સ્વસ્તિક છે સૌભાગ્યનું નામ, સ્વસ્તિક છે પ્રેમનું નામ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન



સ્વસ્તિક છે પ્રગતિનું નામ, સ્વસ્તિક છે પ્રજોત્પન્નનું નામ.
સ્વસ્તિક છે ઉન્નતિનું નામ, સ્વસ્તિક છે ઉત્થાનનું નામ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન
સ્વસ્તિક છે શાંતિનું નામ, સ્વસ્તિક છે સહકારનું નામ.
સ્વસ્તિક છે એકતાનું નામ, સ્વસ્તિક છે સદાચારનું નામ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન
સ્વસ્તિક છે સ્વતંત્રતાનું નામ, સ્વસ્તિક છે સમાનતાનું નામ.
સ્વસ્તિક છે સહ અસ્તિત્વનું નામ, સ્વસ્તિક છે સદભાવનું નામ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન



સ્વસ્તિક છે પરમ પવિત્ર નામ, સ્વસ્તિક છે શુભ મંગળ નામ.
સ્વસ્તિક છે પરમેશ્વરનું નામ, સ્વસ્તિક છે આધ્યાત્મનું નામ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન
જે ભજશે સ્વસ્તિકનું નામ, પામશે મૌક્ષ ને સ્વર્ગનું ધામ.
કરે સ્વામિ સ્વસ્તિકાનંદ એને પ્રણામ, કરજો વિશ્વનું તમે કલ્યાણ.
....સ્વસ્તિક પ્રતિક છે વિશ્વ મહાન


સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક

સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક બોલો સ્વસ્તિક રે.
પ્રેમથી બોલો ભાવથી બોલો શ્રદ્ધા આસ્થાથી બોલો સ્વસ્તિક રે.
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક
શુભ કર્તા લાભ કર્તા સ્વસ્તિક, સંકટ હર્તા છે સ્વસ્તિક રે.
આનંદ મંગળ કર્તા સ્વસ્તિક, કષ્ટ હર્તા છે સ્વસ્તિક રે.
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક
સુખ કર્તા સમૃદ્ધિ કર્તા સ્વસ્તિક, દુઃખ હર્તા છે સ્વસ્તિક રે.
વૈભવ વૃધ્ધિ કર્તા સ્વસ્તિક, બંધન હર્તા છે સ્વસ્તિક રે.
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક
રિધ્ધી કર્તા સિધ્ધી કર્તા સ્વસ્તિક, દરીદ્ર હર્તા છે સ્વસ્તિક રે.
સંતતિ સમ્પત્તિ કર્તા સ્વસ્તિક, ક્લેશ હર્તા છે સ્વસ્તિક રે.
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક
ધની કર્તા ધાન્ય અર્પતા સ્વસ્તિક, રંકતા હર્તા છે સ્વસ્તિક રે.
સંતતિ સમ્પત્તિ કર્તા સ્વસ્તિક, ક્લેશ હર્તા છે સ્વસ્તિક રે
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક
યશ્ કર્તા કિર્તી કર્તા સ્વસ્તિક, દુર્ગુણ હર્તા છે સ્વસ્તિક રે.
માનીત સન્માનીત કર્તા સ્વસ્તિક, વિધ્ન હર્તા છે સ્વસ્તિક રે.
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક
શાંતિ કર્તા તુષ્ટિ કર્તા સ્વસ્તિક, કલહ હર્તા છે સ્વસ્તિક રે.
શક્તિ સુસ્વાસ્થ્ય કર્તા સ્વસ્તિક, વિધ્ન હર્તા છે સ્વસ્તિક રે.
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક
જ્ઞાની કર્તા પ્રભુમય કર્તા સ્વસ્તિક, અહમ હર્તા છે સ્વસ્તિક રે.
પાવન પવિત્ર કર્તા સ્વસ્તિક, આધ્યાત્મિક કર્તા છે સ્વસ્તિક રે.
....સ્વસ્તિક સ્વસ્તિક સ્વસ્તિક










સ્વસ્તિક પ્રતિક છે પરમ પરમેશ્વર.....

સ્વસ્તિક પ્રતિક છે પરમ પરમેશ્વર, સ્વસ્તિક પ્રતિક છે મહાન મહેશ્વર.
સ્વસ્તિક પ્રતિક છે પરમ શ્રી ગણેશ્વર, સ્વસ્તિક પ્રતિક છે વત્સલ વિશ્વેશ્વર.
....સ્વસ્તિક પ્રતિક છે પરમ પરમેશ્વર
ધન વૈભવ ને વૃદ્ધિ દાતા, આધિ વ્યાધિ ને ઉપાધિ હરતા.
સંપત્તિ સમૃદ્ધિ ને સંતતી દાતા, દુઃખ દરિદ્ર ને દમન હરતા.
....સ્વસ્તિક પ્રતિક છે પરમ પરમેશ્વર
તૃપ્તિ તુષ્ટિ ને પુષ્ટિ કરતા, કષ્ટ પિડા ને ચિંતા હરતા.
સુખ શાંતિ ને સંતોષના દાતા, શુભ લાભ ને મંગલ કરતા.
....સ્વસ્તિક પ્રતિક છે પરમ પરમેશ્વર
સમજ શાણ ને જ્ઞાનના દાતા, માન સન્માન ને પદ દાતા.
બળ બુદ્ધિ ને વંશવૃદ્ધિ દાતા, કિર્તી કળા ને ભાગ્યનાં દાતા.
....સ્વસ્તિક પ્રતિક છે પરમ પરમેશ્વર
કૃપા કરુણા ને અનુકમ્પા કરતા, આષિશ વરદાન ને ફળ દાતા.
ધર્મ કર્મ ને કામ વિધાતા, મુક્તિ મૌક્ષ ને સ્વર્ગનાં દાતા.
....સ્વસ્તિક પ્રતિક છે પરમ પરમેશ્વર





સ્વસ્તિક કરે કલ્યાણ

સ્વસ્તિક કરે કલ્યાણ તમારાં, સ્વસ્તિક હરે હર દુઃખ તમારાં.
સ્વસ્તિક કરે શુભ કામ તમારાં, ભાવે ભજે ભક્તો નામ તમારાં.
....સ્વસ્તિક કરે કલ્યાણ તમારાં
રિદ્ધિ સિદ્ધિ ને ધન વૈભવનાં દાતા, ભાગ્યનાં એ તો છે વિધાતા.
સુખ શાંતિ સંપત્તિ સંતતીનાં દાતા,સંકટવિમોચક છે એ ગણેશા.
....સ્વસ્તિક કરે કલ્યાણ તમારાં
દુખ દરિદ્ર દમન દ્વિધા હરનારા, ભક્તોનું સદાએ રક્ષણ કરનારા.
મોહ માયા લોભ પાપ હરનારા, ભક્તોનું સદાએ મંગલ કરનારા.
....સ્વસ્તિક કરે કલ્યાણ તમારાં
આધિ વ્યાધિ ને ઉપાધિ હરનારા, ભક્તોની સદાએ ભીડ હરનારા.
કામ ક્રોધ કપટ કંકાશ હરનારા, ભક્તોને સદાએ શાંતિ દેનારાં.
....સ્વસ્તિક કરે કલ્યાણ તમારાં







સ્વસ્તિકધારા

SWASTIKDHAARAA



अमृतं तु विद्या

तमसो मा ज्योतिर्गमय

USHA PRAKASHAN

